દાખલ તા.૦૪/૦૫/૨૦૧૬
નોંધ્યા તા.૦૪/૦૫/૨૦૧૬
ફેંસલ તા.૨૯/૦૮/૨૦૨૫
અવધિઃવર્ષ – માસ – દિવસ
**૦૯ ૦૩ ૨૫**

**અમદાવાદ શહેરના મુખ્ય સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, મુ. અમદાવાદ.**

**આંકઃ–૨૪૭**

**સેશન્સ કેસ નં.૧૧૪/૨૦૧૬**
**સાથે**
**સેશન્સ કેસ નં.૨૮૬/૨૦૧૭**

**ફરીયાદીઃ**– શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

(**સેશન્સ કેસ નં.૧૧૪/૧૬**)

**આરોપીઓઃ**– ।૧। અર્જુનસિંહ S/o કિશનસિંહ રતનસિંહ જાદોન(ઠાકોર),ઉ.વ.૨૭
રહે. ગામઃ મુખરાઇ, પોસ્ટ– ગડસાન,
તા. ખેરાગડ, જિલ્લા– આગ્રા, ઉત્તરપ્રદેશ.

।૨। મનિષ S/o શ્રી નિવાસ ગોસ્વામી, ઉ.વ. ૨૬
રહે. ગામ– સગાધી, તા. જોરા,
થાના–દેવગઢજી મુરૈના,
મધ્યપ્રદેશ.

(**સેશન્સ કેસ નં.૨૮૬/૧૭**)

**આરોપીઓઃ**– ।૩। વિજય @ અરવિંદ જૈન @ પ્રશાંત @ આકાશ શર્મા @
વિશાલ S/o રામેશ્વરપુરી ગોસ્વામી,
રહે. દિનેશ ચૌધરીના મકાનમાં, વૈષ્ણોદેવી કોલોની,
A–ટી.વી. ટાવર સામે, થાના– નરોલી હાઇવે રોડ,
તા.જી. મથુરા, ઉત્તરપ્રદેશ.

।४। રીન્કુ ઉર્ફે રાજ ઉર્ફે રાજવીર ઉર્ફે રામવીર ઉર્ફે રાજેશ S/o ભગવાનગીરી ગોસ્વામી,
રહે. ગામઃ જૌરા, વિવેકનગર રેલ્વે સ્ટેશન પાસે,
તા. જૌરા, જી. મુરૈના, મધ્યપ્રદેશ તથા મૂળ રહે. ડી.સી. એન્ટરપ્રાઇઝ, મેહીન્દ્રા&મહીંન્દ્રા કંપની સામે, લાલપુર,
તા.ઇચ્છ, જિ.ઉધમશીનગર(રૂદ્રપુર), ઉત્તરાખંડ.

**ગુન્હોઃ–** ઇ.પી. કોડની કલમ–૩૦૨, ૩૯૨, ૩૯૭, ૧૨૦(બી), ૪૧૧ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧)(એ)(એ), ૨૫(બી), ૨૭(૩) મુજબ.

**ફરિયાદ પક્ષે** :– વિ.સ્પે.પી.પી.શ્રી સી.કે. શાહ તથા આસી.સ્પે.પી.પી.શ્રી કે.જી. જૈન
**આરોપી પક્ષે** :– આરોપી નં.૧ તરફે વિદ્વાન વકીલશ્રી એમ.એચ. પટેલ
આરોપી નં.૨ તરફે વિદ્વાન વકીલશ્રી એ.એમ. રાજપૂત
આરોપી નં.૩ અને ૪ તરફે વિદ્વાન વકીલ સુ.શ્રી પી.ડી. પંડ્યા

**(સેશન્સ કેસ નં.૧૧૪/૧૬ના ચાર્જશીટમાં દર્શાવેલ આ કામના આરોપી નં.૨ ગોવિંદ ઉર્ફે ગોવિંદા S/o રાજવીરસિંહ મહાવીરસિંહ સિકરવાર સામેનો કેસ આંક–૩૦ ઉપર થયેલ હુકમ મુજબ અલગથી ચલાવવાનો હુકમ થયેલ છે.)**

## COMMON JUDGMENT

(૧) આ કામના આરોપીઓ સેશન્સ કેસ નં.૧૧૪/૨૦૧૬ સાથે સેશન્સ કેસ નં.૨૮૬/૨૦૧૭ ની સંયુક્ત ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. તેઓની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૯૨, ૩૯૭, ૧૨૦(બી), ૪૧૧ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧)(એ)(એ), ૨૫(બી), ૨૭(૩) મુજબના ગુન્હા સબબ આંક–૫૦ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

(૨) **ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત નીચે મુજબ છે.**

આ કામના ફરિયાદી કરૂણાબેન w/o પાર્થભાઇ રામગોપાલ રસ્તોગીએ તા.૨૦/૧૧/૨૦૧૩ના રોજ એ મતલબની ફરિયાદ હકિકત જાહેર કરેલ છે કે, તેઓ અમદાવાદ શહેર વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલ લાડ સોસાયટી ખાતે મકાન નં.૨૨/બી

માં રહે છે અને જજીસ બંગલો રોડ ઉપર આવેલ ન્યુયોર્ક પ્લાઝામાં દુકાન નં.૩૦૧ માં રસ્તોગી એસોસીયેટ્સ નામે ઓફિસ ધરાવી તેમાં ટાઉન પ્લાનર તરીકે તેમજ એસ.જી. હાઈવે પર આવેલ લેન્ડમાર્ક સંસ્થામાં સેન્ટ્રલ મેનેજર તરીકે કામ કરે છે, આ સંસ્થા સાથે પ્રકાશભાઇ માધવલાલ સોની(મરણજનાર) સંકળાયેલા હોય, ફરિયાદી તેમને સારી રીતે ઓળખે છે, જેઓ સોનાચાંદીનો ધંધો કરતા હોય પહેલા તેમની દુકાન ચીનુભાઇ ટાવર, આશ્રમ રોડ ખાતે હતી અને હાલ સી.જી. રોડ ખાતે સફાયર કોમ્પ્લેક્ષમાં સોનાચાંદીની દુકાન ધરાવી ધંધો કરતા હતા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓના પતિને આવતી કાલે લગ્ન પ્રસંગે જવાનું હોય અને લગ્નમાં ગીફ્ટ આપવાની હોય, તેઓએ પ્રકાશભાઇને રૂા.૨૫૦૦/–ની ચાંદીની નોટ બનાવવાનું કહેતા તેમણે ચાંદીની નોટ તૈયાર થયેથી જાણ કરશે અને તેઓને મુંબઇ જવાનું છે તેવી વાત થતા તેઓએ સંસ્થાની એક બુક "થ્રી લોઝ ઓફ પરફોર્મન્સ" તૈયાર થઇ ગયેલ હોય તો, તમો લેતા આવજો તેમ કહેલ ત્યારે પ્રકાશભાઇએ સાંજે દુકાન બંધ કરી, ગીફ્ટ તમારા ઘરે આપવા આવીશ ત્યારે બુક મેળવી લઇશ તેવી વાત તેઓને મોબાઇલ ઉપર સાંજના ચારેક વાગે થયેલી. ત્યારબાદ તેઓ રાત્રે સવા નવેક વાગે જમવાની તૈયારી કરતા હતા તે દરમ્યાન તેઓના મકાનની બહાર બે–ત્રણ ફટાકડા ફુટેલ તેવો અવાજ થતા અને સાથે કોઇ માણસની ચીસનો પણ અવાજ સંભળાતા તેઓની દીકરી શ્વેતાંગિની એકદમ બહાર નીકળેલ અને તેની પાછળ તેઓ તથા તેઓના પતિ બહાર આવેલા તે વખતે શ્વેતાંગિનીએ બુમ પાડી ઘરની બહાર આવેલ કોમન રોડ પર જતા તેઓના મકાનની સામે કોમન રોડ ઉપર એક સફેદ કલરની સ્કોર્પીયો ગાડીની પાછળ એક ભાઇ રોડ ઉપર પડેલ હતા અને તેઓના મકાનથી બહાર જવાના કોમન રસ્તા ઉપર મોટરસાયકલ ઉપર એક છોકરો બેઠેલ હતો અને બીજો એક છોકરો આ પડેલ માણસ પાસેથી એક થેલો(બેગ) લઇ દોડતો ગયેલ અને મોટરસાયકલ ઉપર બેસી બન્ને જણાં ભાગી ગયેલા અને તેઓએ સ્કોર્પીયો ગાડી પાસે પડેલ માણસને જોતાં, તે પ્રકાશભાઇ સોની હતા અને તેમને ઈજા થયેલ હોય, તેઓએ તથા તેઓની દીકરીએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ અને તે સમયે શ્વેતાંગિનીએ જણાવેલ કે, બાઇક ચાલકે કાળા કલરનું જાકીટ પહેરેલ હતું અને તે દરમ્યાન સોસાયટીના મકાન નં.૧૭ માં રહેતા ગૌરાંગભાઇના પત્ની પારૂબેન તથા તેમના દીકરા પ્રિયમે જણાવેલ કે, ભાગી જનાર બન્ને છોકરાઓ આશરે ૨૫ થી ૩૦ વર્ષના હતા અને તે કાળા કલરના પલ્સર

બાઇક ઉપર હતા, જે પલ્સર ૨૨૦ સીસીનું હોય તેવું લાગેલ અને બાઇક ચાલક છોકરો બાઇકને રેસ કરતો હતો અને બીજો છોકરો દોડતો જઇને બેસી ગયેલ અને જલ્દી કર, જલ્દી કર તેવું બોલતા હતા અને સ્પીડમાં નીકળી જઇ ચીસો પાડેલ, પાછળ બેઠેલ છોકરાએ બ્લ્યુ ટીશર્ટ પહેરેલ હતું અને બન્ને પાતળા બાંધાના હોય તેવું લાગેલ તેમ જણાવતા તે દરમ્યાન ૧૦૮ આવતા પ્રકાશભાઇને સારવાર માટે લઇ ગયેલ, તેમને બન્ને પડખે ઈજા થયેલાનું જણાયેલ અને સ્કોર્પીયો કાર નં.જીજે૦૧–એચજે૧૭૦૧નો પાછળના દરવાજાનો કાચ તૂટી ગયેલ હોવાનું જણાયેલ અને તેની નીચે કાચ તથા લોહી તેમજ ફુટેલ કારતુસો પડેલ હતા અને નજીકમાં કોમન રોડ વચ્ચે પિસ્તોલનું મેગ્ઝીન પડેલું હતું. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ આ પ્રકાશભાઇ સોનીનું સારવાર દરમ્યાન મોત થયેલાનું તેઓને તેઓની દીકરીથી જાણવા મળેલ અને બનાવ સ્થળે પ્રકાશભાઇનો મોબાઇલ ફોન પડી ગયેલ હોય, તેમના પત્ની ફાલ્ગુનીબેનને આપેલ અને પ્રકાશભાઇના મેનેજર હરેશ પટેલના જણાવ્યા મુજબ પ્રકાશભાઇની બેગમાં ૩૨ ગ્રામની સોનાની બંગડી નગ–૨, ૨૦ ગ્રામની સોનાની ચેન નંગ–૨, ૧૦–૧૦ ગ્રામની સોનાની બંગડી નંગ–૭, ૧ ગ્રામ ડાયમંડની નથ, ૫૦ ગ્રામ ચાંદીની લગડી, સેમસંગ કંપનીનું લેપટોપ તથા HDFC, SBI, સ્ટાન્ડર્ડ ચાર્ટડ બેંકના ક્રેડીટ કાર્ડ તથા અન્ય ડોક્યુમેન્ટ હતા તે તમામ ચીજવસ્તુઓ કિંમત આશરે રૂ.૨,૦૦,૦૦૦/–ની મત્તાની લૂંટ કરેલી. આમ પલ્સર મોટરસાયકલ ઉપર આવેલ આરોપીઓએ, પ્રકાશભાઇ પાસેથી સોનાચાંદીના દાગીના સાથેની બેગને લૂંટ કરી નાસવા જતા તેમણે તેનો પ્રતિકાર કરતા આરોપીઓએ તેમના શરીરે પિસ્તોલ જેવા હથિયારથી ગોળીઓ મારી તેમનું મોત નિપજાવી નાસી ગયેલ હોય, આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર થવા ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે.

(૩) બનાવ સંબંધે ફરિયાદી કરૂણાબેન પાર્થ રસ્તોગીએ આ ગુન્હા અંગેની પ્રથમ બાતમી આપતા વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરે આરોપીઓ સામે ગુન્હા રજીસ્ટર્ડ નં.૪૩૪/૨૦૧૩, તા.૨૦/૧૧/૨૦૧૩ થી ગુન્હો દાખલ કરી, ગુન્હાની તપાસ કરનાર પોલીસ અધિકારીએ તપાસ કરી, પુરાવો એકત્ર કરી તપાસના અંતે ત્રણ આરોપીઓ વિરૂદ્ધ અમદાવાદ શહેરના વિદ્વાન એડી. ચીફ મેટ્રો.મેજીસ્ટ્રેટની

કોર્ટ નં.૧૧ માં ઇ.પી.કો. કલમ−૩૦૨, ૩૯૨, ૩૯૭, ૧૨૦(બી) તથા આર્મ્સ એક્ટની કલમ−૨૫(૧)(એ)(એ), ૨૫(બી), ૨૭(૩) મુજબના ગુન્હાઓ અંગે ચાર્જશીટ રજુ કરતા તે ફોજદારી કેસ નં.૨૦૯/૧૪ થી રજીસ્ટરે લેવાયેલ અને આરોપીઓને આ ગુન્હા સંબંધે સમન્સ કરતા આરોપીઓ હાજર થયેલા. આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યા બાદ આરોપીઓ વિરૂધ્ધની ટ્રાયલ ચલાવવાની હકૂમત સેશન્સ કોર્ટ, અમદાવાદને હોવાથી વિદ્ધાન મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટશ્રીએ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ−૨૦૯ અન્વયે આ કેસ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદને કમીટ કરતા તે સેશન્સ કેસ નં.૧૧૪/૨૦૧૬ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ તપાસ દરમ્યાન આ ગુન્હાના બે વોન્ટેડ આરોપીઓની ધરપકડ થઇ, વિદ્ધાન મેટ્રો.મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ઇ.પી.કો. કલમ−૩૦૨, ૩૯૨, ૩૯૭, ૧૨૦(બી), ૪૧૧ તથા આર્મ્સ એક્ટની કલમ −૨૫(૧)(એ)(એ), ૨૫(બી), ૨૭(૩) મુજબના ગુન્હાઓ અંગે ચાર્જશીટ રજુ થતા તે ફોજદારી કેસ નં.૨૮૬/૧૭ થી રજીસ્ટરે લેવાયા બાદ બન્ને આરોપીઓને આ ગુન્હા સંબંધે સમન્સ કરતા આરોપીઓ હાજર થતા આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યા બાદ આરોપીઓ વિરૂદ્ધની ટ્રાયલ ચલાવવાની હકૂમત સેશન્સ કોર્ટ,અમદાવાદને હોવાથી વિ.મેટ્રો. મેજિસ્ટ્રેટશ્રીએ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ−૨૦૯ અન્વયે આ કેસ સિટી સેશન્સ કોર્ટ, અમદાવાદને કમીટ કરતા તે સેશન્સ કેસ નં.૨૮૬/૨૦૧૭ થી નોંધવામાં આવેલ અને ત્યારબાદ આ સેશન્સ અદાલત સમક્ષ આગળની ન્યાયિક કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. સદર કેસની ન્યાયિક કાર્યવાહી દરમ્યાન આરોપીઓ મુદ્દતે હાજર થતા મારા અગાઉના વિ.પ્રિસાઇડીંગ ઓફિસરશ્રીએ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યાની ખાત્રી કર્યા બાદ, આરોપીઓ વિરૂદ્ધ સંયુક્ત રીતે આંક−૫૦ થી તહોમતનામું ફરમાવી, તે આરોપીઓને વાંચી, સંભળાવી આરોપીઓના આંક−૫૧ થી ૫૪ સુધીના નિવેદન લેતાં, આરોપીઓએ ગુન્હો કર્યાનો ઇન્કાર કરતા સદર કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

અત્રે એ નોંધવું જરૂરી છે કે, આ કામના આરોપીઓ પૈકી, આરોપી ગોવિંદ ઉર્ફે ગોવિંદા રાજવીરસિંહ મહેશ્વરસિંહ સિકરવાર કેસ ચાલતા દરમ્યાન નામદાર ગુજરાત

હાઇકોર્ટના હુકમથી જામીન ઉપર મુક્ત થયા બાદ કોર્ટમાં હાજર થયેલ નથી અને નાસતા ભાગતા ફરે છે તેમજ મળી આવતા ન હોય, તેની સામે વોરંટ જારી કરવામાં આવેલ છે અને આરોપી હાલમાં મળી આવે તેવી કોઇ જ શક્યતા જણાતી ન હોય, તે સંજોગોમાં આંક–૩૦ ઉપર થયેલ હુકમ મુજબ સદર આરોપીનો કેસ અલગથી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષ દ્વારા આરોપીઓ વિરૂધ્ધના ગુન્હા પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ફરિયાદી તરફે સા.નં. | સાહેદનું નામ | સાહેદની કામગીરી | આંક |
|---|---|---|---|
| ૧. | વાઘાભાઇ લાધાભાઇ ભરવાડ, | બનાવવાળી જગ્યાના પંચસાહેદ | ૬૨ |
| ૨. | કિશનભાઇ મોતીભાઇ ભરવાડ | બનાવવાળી જગ્યાના પંચસાહેદ | ૭૮ |
| ૩. | ચંદુભાઇ જતાજી મારવાડી | PM બાદ ડોક્ટર પાસેથી મુદ્દામાલ કબજે કર્યાના પંચ. | ૭૯ |
| ૪. | વિપુલ મનહરભાઇ સોની | ઇન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ | ૮૨ |
| ૫. | અશોકભાઇ લક્ષ્મણજી ઠાકોર | કુટેલ કોપર બુલેટ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ. | ૮૬ |
| ૬. | રાજેશભાઇ વાલુભાઇ દેસાઇ | ગુનાવાળી જગ્યાએથી કુટેલ કોપર બુલેટ કબજે કર્યાના પંચસાહેદ. | ૯૦ |
| ૭. | ગોપાલભાઇ શંકરલાલ વચેટા | આરોપીની અંગઝડતી કર્યાના પંચ | ૯૫ |
| ૮. | કૈલાસભાઇ જયંતિભાઇ બોડાણા | પંચસાહેદ. | ૧૧૮ |
| ૯. | ચિન્ટુ અશોકભાઇ શ્રીમાળી | પંચસાહેદ. | ૧૨૧ |
| ૧૦. | ઇન્દ્રવીર વજુભા ઝાલા | એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટ. | ૧૩૭ |
| ૧૧. | ભરત સવજીભાઇ સાપરા | એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટ. | ૧૬૧ |
| ૧૨. | મનોજભાઇ નરસિંહરાવ બટુલા | આરોપીઓની શરીરસ્થિતિના પંચ | ૧૬૬ |
| ૧૩. | તરૂણા પાર્થ રસ્તોગી | ફરિયાદી | ૧૭૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૪. | ડૉ. જીગ્નેશ વસંતકુમાર શાહ | PM કરનાર તબીબી અધિકારી. | ૧૭૫ |
| ૧૫. | રજનીકાંત મોહનભાઇ રાઠોડ | હેડ કોન્સ્ટેબલ, પોલીસ સાહેદ. | ૧૮૩ |
| ૧૬. | ગૌરવ સુરેન્દ્રભાઇ વૈદ્ય | બનાવ નજરે જોનાર પડોશી સાહેદ | ૧૮૯ |
| ૧૭. | મયુરધ્વજસિંહ કિશોરસિંહ રાણા | P.I., તપાસ કરનાર અધિકારી. | ૧૯૩ |
| ૧૮. | રાજપાલસિંહ ભગીરથસિંહ રાણા | આરોપીઓને આગ્રાથી લાવનાર PI | ૧૯૯ |
| ૧૯. | ભરતસિંહ દિપસિંહ જાડેજા | P.I., તપાસ કરનાર અધિકારી. | ૨૦૦ |
| ૨૦. | જયદિપસિંહ હરવિજયસિંહ સરવૈયા | P.I., તપાસ કરનાર અધિકારી. | ૨૦૪ |

## દસ્તાવેજી પુરાવો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનું પંચનામું. | ૬૩ |
| ૨. | PM થયા બાદ ડોક્ટરશ્રીએ સોંપેલ મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું. | ૮૦ |
| ૩. | ઇન્કવેસ્ટ પંચનામું. | ૮૩ |
| ૪. | ફુટેલ બુલેટ કબજે કર્યાનું પંચનામું. | ૮૭ |
| ૫. | ગુનાવાળી જગ્યાએથી ફુટેલ બુલેટ કબજે કર્યાનું પંચનામું. | ૯૨ |
| ૬. | આરોપી નં.૧, ૨ ની અંગઝડતીમાંથી મોબાઇલ ફોન તથા અલગ-અલગ સીમકાર્ડ વિગેરે કબજે કર્યાનું પંચનામું | ૯૬ |
| ૭. | આરોપી નં.૧ ના જણાવ્યા મુજબની હકિકતનું પંચનામું. | ૧૧૯ |
| ૮. | ઓળખપરેડનું અસલ પંચનામું. | ૧૩૮ |
| ૯. | ઓળખપરેડ કરાવવા માટેની યાદી. | ૧૩૯ |
| ૧૦. | એકઝી.મેજિસ્ટ્રેટ દ્વારા ક્રાઇમબ્રાંચને ઓળખપરેડ કરવા અંગે લખેલ પત્ર. | ૧૪૦ |
| ૧૧. | ઓળખપરેડના પંચનામા. | ૧૫૮, ૧૫૯ |
| ૧૨. | ક્રાઇમબ્રાંચ દ્વારા એકઝી.મેજિસ્ટ્રેટને લખેલ યાદી. | ૧૬૨ |

| | | |
|---|---|---|
| ૧૩. | ઓળખપરેડ કરાવવાનો તારીખ, સમય આપતો પત્ર. | ૧૬૩ |
| ૧૪. | ક્રાઇમબ્રાંચ દ્વારા એકઝી.મેજિસ્ટ્રેટને લખેલ યાદી. | ૧૬૪ |
| ૧૫. | એકઝી.મેજિસ્ટ્રેટ દ્વારા ઓળખપરેડ કરાવવાની તારીખ, સમય આપતો લખેલ પત્ર. | ૧૬૫ |
| ૧૬. | આરોપી નં.૪ પાસેથી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું. | ૧૬૭ |
| ૧૭. | આરોપી નં.૪ તથા આરોપી નં.૫ ની શરીરસ્થિતિનું પંચનામું | ૧૬૮ |
| ૧૮. | ફરિયાદીએ આપેલ અસલ ફરિયાદ. | ૧૭૨ |
| ૧૯. | શબપરિક્ષણ અહેવાલ(P.M. Note) | ૧૭૬ |
| ૨૦. | આરોપીઓએ ગુનો કરવા ઉપયોગમાં લીધેલ વોક્સવેગન પોલો કાર કબજે કર્યાનું પંચનામું. | ૧૮૨ |
| ૨૧. | ચાર્જ અમલદારને કરેલ રિપોર્ટ. | ૧૯૪ |
| ૨૨. | FSL અધિકારીને ગુનાવાળી જગ્યાએ પધારવા કરેલ યાદી તથા FSL અધિકારીએ સ્થળ પરિક્ષણ કરી તે અંગેનો આપેલ પ્રાથમિક અહેવાલ. | ૧૯૫ |
| ૨૩. | સી.ડી.આર. માહિતી મંગાવવાનું ફોર્મ. | ૧૯૬ |
| ૨૪. | મુદ્દામાલ રવાનગી નોંધ. | ૧૯૭ |
| ૨૫. | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળ્યાની પહોંચ. | ૧૯૮ |
| ૨૬. | બનાવવાળી જગ્યાનું ડેમોસ્ટ્રેશન પંચનામું. | ૨૦૧ |
| ૨૭. | મુદ્દામાલ રવાનગી નોંધ સાથેનો પત્ર. | ૨૦૨ |
| ૨૮. | આરોપીએ ગુના અંગે બતાવ્યા મુજબની હકિકતનું પંચનામું. | ૨૦૫ |
| ૨૯. | આરોપીએ બતાવ્યા મુજબની જગ્યાનું પંચનામું. | ૨૦૬ |
| ૩૦. | આરોપી મનીષે ગુના સંબંધે બતાવેલ જગ્યાનું પંચનામું. | ૨૦૭ |
| ૩૧. | એફ.એસ.એલ.નો મુદ્દામાલ પરત લઇ જવા અંગે લખેલ પત્ર તથા એફ.એસ.એલ.નો રિપોર્ટ. | ૨૦૮ |
| ૩૨. | એફ.એસ.એલ.નો મુદ્દામાલ પરત કર્યા અંગેનો પત્ર તથા એફ.એસ.એલ.નો મુદ્દામાલ પરિક્ષણ અહેવાલ. | ૨૦૯ |
| ૩૩. | એફ.એસ.એલ.નો પત્ર તથા એફ.એસ.એલ.નો બાયોલોજી | ૨૧૦ |

| | | |
|---|---|---|
| | વિભાગનો મુદ્દામાલ પરિક્ષણ અહેવાલ. | |
| ૩૪. | એફ.એસ.એલ.નો સિરોલોજી વિભાગનો રિપોર્ટ. | ૨૧૧ |
| ૩૫. | એફ.એસ.એલ.નો મુદ્દામાલ પરત લઇ જવા અંગે લખેલ પત્ર તથા એફ.એસ.એલ.નો મુદ્દામાલ પરિક્ષણ અહેવાલ. | ૨૧૨ |
| ૩૬. | એફ.એસ.એલ.નો મુદ્દામાલ પરત લેવા સબંધે લખેલ પત્ર. | ૨૧૩ |
| ૩૭. | ફોરેન્સિક મેડીસીન એન્ડ ટોક્ષીલોજી વિભાગનો રિપોર્ટ. | ૨૧૪ |
| ૩૮. | બનાવવાળી જગ્યાનો નકશો. | ૨૧૫ |

(૫) ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ આ કામે વધુ પુરાવો આપવા માંગતા ન હોવાનું જણાવી આંક–૨૧૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતા ફરિયાદપક્ષનો ઉપર મુજબનો પુરાવો પૂરો થયા બાદ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં, આરોપીઓએ તેઓને બચાવના સાહેદો તપાસવા નહિ હોવાનું અને તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નહિ હોવાનું જણાવી, આરોપીઓએ વિશેષમાં પોતે તદ્દન નિર્દોષ હોવાનું અને બનાવ બાબતે કંઇ જાણતા નહિ હોવાનું અને તેઓને આ કેસમાં ખોટી રીતે અટક કરી સંડોવી દીધેલાનું જણાવેલ છે તેમજ ગુજરનાર સામે થયેલ ફાયરીંગ અંગેના બનાવ સંબંધે તેઓને કોઇ જ લેવાદેવા નથી તેમ છતાં, તેઓ અન્ય ગુનાના કામે કસ્ટડીમાં હોઇ, પોલીસ દ્વારા તેઓને સદર અનડીટેક્ટેડ ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ હોવાનું જણાવી તેઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) આ કામે ફરિયાદપક્ષે વિદ્વાન સ્પે.પી.પી.શ્રી સી.કે. શાહ તથા વિદ્વાન આસી. સ્પે.પી.પી.શ્રી કે.જી. જૈનનાઓએ આંક–૨૪૦ થી લેખિત દલીલોનું મેમોરેન્ડમ રજુ કરી તેને સુસંગત મૌખિક દલીલો કરેલ છે.

૬.૧ બચાવપક્ષે આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રીઓએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, હાલના આરોપીઓ તદ્દન નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે આ ગુનામાં

સંડોવી દેવામાં આવેલ છે. તેઓએ વધુમાં એવી દલીલ કરેલ છે કે, ફરિયાદી કે મહત્વના સાહેદોએ આરોપીઓને ઓળખી બતાવેલ નથી અને ફરિયાદ તે અજાણ્યા ઇસમો સામે દાખલ કરવામાં આવેલ છે અને સદર અજાણ્યા ઇસમો આરોપીઓ જ છે તેવું ફરિયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તેઓએ વધુમાં એવી દલીલ કરેલ છે કે, મોટાભાગના પંચોએ પંચનામાઓની હકિકતને સમર્થન કરેલ નથી ત્યારે પંચનામા સાબિત થતા નથી તે સંજોગોમાં, પંચનામાઓ ઉપર આધાર રાખી, સદર ગુના સંદર્ભે આરોપીઓ વિરૂદ્ધનું અનુમાન કરી શકાય નહિ. તેઓએ વધુમાં એવી દલીલ કરેલ છે કે, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે ત્યારે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાપાત્ર છે.

(૭) આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

।૧। શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, મરણજનાર પ્રકાશભાઇ સોનીનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ છે?

।૨। શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, તમો આરોપીઓએ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે તથા નહિ પકડાયેલ આરોપી જીતેન્દ્ર નાઓએ સાથે મળી, એકબીજાની મદદગારીમાં આગ્રા તથા મધ્યપ્રદેશથી અમદાવાદ શહેરમાં સોનાચાંદીનો ધંધો કરતા સોનાના વેપારીઓની લૂંટ કરવાના ઈરાદે આરોપી નં.૩ વિજય ઉર્ફે અરવિંદે,નહિ પકડાયેલ આરોપી વિશંભર પાસેથી ગેરકાયદેસરની બે પિસ્તોલ તથા જીવતા કારતુસ મેળવી પોતાની પોલો કાર નં.UP80–BQ4015 માં અમદાવાદ ખાતે આવી કાર વી.એસ. હોસ્પિટલના પાર્કીંગમાં પાર્ક કરી, હોટલ ઉન્નતિ, એપ્સીલોન, મારૂતી, શિકાગો જેવી અલગઅલગ હોટલોમાં રોકાઇ અમદાવાદથી ચોરી કરેલ બજાજ પલ્સર મોટરસાયકલ ઉપર સોનીના ધંધાના સ્થળે વોચ કરી સોનીને ટાર્ગેટ કરી, હોટલમાંથી ચેક આઉટ લઇ વી.એસ.હોસ્પિટલ ખાતે ગુનાને અંજામ આપવાનું ગુનાહિત કાવતરૂ રચી તે અનુસંધાને તમો આરોપીઓએ, કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે તથા નાસતાફરતા આરોપી જીતેન્દ્રએ એકબીજાની સહમતિ સાધી, આ કામે મરણજનાર પ્રકાશભાઇ સોનીના સી.જી. રોડ ખાતે આવેલ સોની માધવલાલ એન્ડ વશરામભાઇ એન્ડ સન્સના શો–રૂમની આસપાસ રેકી કરી, મરણજનાર રાત્રે શો–રૂમથી ઘરે જવા–આવવાના સમયની તથા રસ્તાની માહિતી

મેળવી ખોટા આઇ.ડી. પ્રુફ આધારે સીમ કાર્ડ લઇ તેનો ઉપયોગ મરણજનારનો પીછો કરવામાં કરી, તા.૨૦/૧૧/૨૦૧૩ ના રોજ કલાકઃ ૨૦-૧૫ વાગે મરણજનાર પ્રકાશભાઈ સોની તેઓના શો-રૂમથી તેઓની સાથે મુંબઇના ગ્રાહકોની વસ્તુઓ સોનાની ૩૨ ગ્રામની બંગડી નંગ-૨, ૨૦ ગ્રામની ચેન નંગ-૨, એક ગ્રામ ડાયમંડની નથ-૧, સોનાની બંગડીઓ દસ-દસ ગ્રામની નંગ-૭, ૫૦ ગ્રામની ચાંદીની લગડી તથા સેમસંગનું લેપટોપ, પાસપોર્ટ નં.૭૭૭૪૩૩૩ તથા HDFC/SBI/Standard Charterd બેંકના ક્રેડીટ કાર્ડ તથા સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન વિગેરે આશરે કિંમત રૂા.૨,૦૦,૦૦૦/-ની મત્તાની ચીજવસ્તુઓ એક બેગમાં લઇ પોતાની સ્કોર્પીયો કાર નં.GJ01-HJ 1701 માં બેસી પોતે ચલાવી તેઓના ગ્રાહક કે જે બોડકદેવ, સંદેશ પ્રેસ રોડ ઉપર આવેલી લાડ સોસાયટીના મકાન નં.બી/૨૨ માં રહેતા ફરિયાદી કરૂણાબેન w/o પાર્થભાઇ રસ્તોગીના ઘરે જવા નીકળેલા તે વખતે આરોપી નં.૧ અર્જુનસિંહ, આરોપી નં.૨ મનિષ તથા આરોપી નં.૪ રીન્કુ ઉર્ફે રાજનાઓ ત્યાં વોચમાં હાજર હોય, આરોપી નં.૧ અર્જુનસિંહે તેની જાણ મોબાઇલથી આરોપી નં.૩ વિજય ઉર્ફે અરવિંદ જૈનને કરતા તેઓએ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે નાસતાફરતા આરોપી રામખત્યાર પંપોલા પાસેથી મેળવેલ બે પિસ્તોલો પૈકીની, એક-એક પોતાની પાસે રાખી, ચોરી કરેલ પલ્સર મોટરસાયકલ ઉપર મરણજનાર સોનીનો પીછો કરી, આશરે કલાકઃ૨૧-૧૫ વાગ્યે લાડ સોસાયટી ખાતેના મકાન નં.બી/૨૨ સામે કોમન રોડ ઉપર મરણજનારે પોતાની સ્કોર્પીયો ગાડી ઉભી રાખી, ફરિયાદીના ઘરે જવા ગાડીમાંથી નીચે ઉતરી પાછળની સીટમાં રાખેલ સોનાચાંદીના ઘરેણા ભરેલ થેલો દરવાજો ખોલી લેવા જતા મોટરસાયકલ પર તેઓનો પીછો કરતા આરોપી નં.૩ વિજય ઉર્ફે અરવિંદ અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે સોના ચાંદીના ઘરેણાં ભરેલ થેલાની લૂંટ કરવા જતા મરણજનાર પ્રકાશભાઇએ તેનો પ્રતિકાર કરતા બન્ને આરોપીઓએ પોતાની પાસેની ગેરકાયદેસરની પિસ્તોલમાંથી મરણજનાર પ્રકાશભાઇ ઉપર ફાયરીંગ કરી, જીવલેણ ઇજા પહોંચાડી તેઓનું મોત નિપજાવી સોનાચાંદીના ઘરેણાં તેમજ ચીજવસ્તુ લઇ આશરે કિંમત રૂા.૨,૦૦,૦૦૦/-ની મત્તાનો મુદ્દામાલની લૂંટ કરી, નાસી જઇ, લૂંટમાં મેળવેલ સોનાચાંદીના ઘરેણાં બન્ને આરોપીઓએ નહિ પકડાયેલ આરોપી રાજેશકુમાર વર્માને વેચાણ આપતા તે સોનાચાંદીનો મુદ્દામાલ લૂંટનો મુદ્દામાલ હોવાનું જાણવા છતાં, તેઓએ વેચાણ રાખી તેમજ નહિ પકડાયેલ આરોપી વિશંભર ગોસ્વામીએ,આરોપી નં.૩ વિજય ઉર્ફે અરવિંદે ગુનામાં વપરાયેલ

પિસ્તોલ હોવાનું જાણવા છતાં, રાખી લઇ તપાસ દરમ્યાન આરોપી નં.૩ વિજય ઉર્ફે અરવિંદ તથા આરોપી નં.૪ રીંકુ ઉર્ફે રાજ ઉર્ફે રાજવીરનાઓ પકડાઇ જઇ, તે રીતે તમો આરોપીઓએ એકબીજાની સહમતિ સાધી મરણજનારનું ખૂન કરી, લૂંટનો ગુનો આચરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૯૨, ૩૯૭, ૧૨૦(બી), ૪૧૧ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧)(એ)(એ), ૨૫(બી), ૨૭(૩) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

।3। શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

।૧। હકારમાં.

।૨। નકારમાં.

।3। આખરી હુકમ મુજબ.

// **<u>કા ર ણો</u>** //

**<u>મુદ્દા નં.૧</u>**

(૯) આરોપીઓ સામે આંક–૫૦ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૯૨, ૩૯૭, ૧૨૦(બી), ૪૧૧ તથા આર્મ્સ એક્ટની કલમ –૨૫(૧)(એ)(એ), ૨૫(બી), ૨૭(૩) મુજબના ગુન્હાનું જે તહોમતનામું ફરમાવેલ છે તે તહોમતનામા મુજબના આક્ષેપો પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા ૨૦(વીસ) જેટલા સાહેદો તપાસવામાં આવેલા છે તથા આડત્રીસ(૩૮) જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

(૧૦) ફરિયાદપક્ષ દ્વારા મરણજનાર પ્રકાશભાઇ સોનીની લાશનું પી.એમ. કરનાર સોલા સિવિલ હોસ્પિટલના ફોરેન્સિક મેડીસીન વિભાગમાં સહ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા ડૉ. જીગ્નેશ વસંતકુમાર શાહને આંક–૧૭૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ડોક્ટરશ્રીએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૧/૧૧/૨૦૧૩ના

રોજ તેઓ સોલા સિવિલ હોસ્પિટલમાં ફરજ પર હાજર હતા ત્યારે પ્રકાશભાઈ માધવલાલ સોનીનું શબ, શબ પરિક્ષણ અર્થે તેઓને સોંપતા તેઓએ શબનું પરિક્ષણ પેનલ ડૉ. એમ.એમ. ગોસ્વામી સાથે મળીને તે જ દિવસે સવારે ૦૭–૧૫ વાગે શરૂ કરેલું, લાશને જોતાં તે ૩૮ વર્ષના પૂરૂષનું શબ હતું, જેના શરીરે ક્રિમ કલરનો આખી બાંયનો શર્ટ, કોફી કલરનું પેન્ટ પહેરેલા હતા, શર્ટ અને પેન્ટ અમુક જગ્યાએ લોહીથી ખરડાયેલા હતા અને તે ભીના માલુમ પડતા હતા તેમજ કપડાંની તપાસ કરતા (૧) શર્ટ ઉપર ડાબી બાજુ ટાંકાની લાઇનથી ૨ સે.મી. પાછળની તરફ અને બગલથી ૧૦.૫ સે.મી. નીચે, ૦.૬ સે.મી.નું કાણું હતું, જેની આજુબાજુનો ૦.૩ સે.મી. ભાગનો વિસ્તાર કાળો પડી ગયેલ હતો, (૨) શર્ટ ઉપર જમણી બાજુ ટાંકાથી ૨ સે.મી. પાછળના ભાગે અને બગલથી ૨૪ સે.મી. નીચે, ૦.૬ સે.મી. સાઇઝનું કાણું હતું, (૩) પેન્ટ ઉપર ડાબી બાજુના ટાંકાથી ૧ સે.મી. પાછળના ભાગે, પેન્ટની ઉપરની બોર્ડરથી ૩૪ સે.મી. નીચે, ૦.૭ સે.મી. સાઈઝનું કાણું જોવા મળેલ. સદરહુ ડોક્ટરશ્રીએ વધુમાં જણાવેલ છે કે, મરણજનારની લાશના પાંચ એક્સ–રે કરેલા અને તેનું રેડીયોલોજી વિભાગ દ્વારા રીપોર્ટીંગ કરતા ડાબી બાજુના ફેફસાંની દીવાલમાં પાણી ભરાઇ ગયેલ હતું તથા ડાબા હાંસડીના બહારના ભાગે અસ્થિભંગ થયેલ હતો તથા ડાબા હાથની પહેલી આંગળીમાં ત્રણ જગ્યાએ અસ્થિભંગ જોવા મળેલ. સદરહુ ડોક્ટરશ્રીએ વધુમાં જણાવેલ છે કે, લાશ ઓળખાયેલ હતી, શબનું શરીર ઠંડુ હતું, શરીર ઉપર જકડાઇ જવાની પ્રક્રિયા શરૂઆતના તબક્કામાં હતી, શરીર પાછળના ભાગે લીવીડીટીના કારણે કાળુ પડી ગયેલ હતું, બન્ને સાઇડની કીકી પહોળી થઇ ગયેલ હતી, આંખો ફીક્કી હતી અને લાશની બાહ્ય તપાસમાં શબ ઉપર પી.એમ. નોટના કોલમ નં.૧૭માં દર્શાવ્યા મુજબ નીચે પ્રમાણેની ઇજાઓ જોવા મળેલી.

**(૧)** છાતિ ઉપર મધ્યથી ૩૫ સે.મી. ડાબીબાજુ, નિપલથી ૫ સે.મી. નીચે અને ડાબી એડીથી ૧૨૫ સે.મી. ઉપર ૦.૬ સે.મી. વ્યાસનું કાણું હતું, જેના માર્જીન્સ અંદરની તરફ વળેલા હતા અને તેની આજુબાજુ પાછળના બહારના ભાગે ૦.૩ સે.મી. સાઇઝમાં એબ્રેઝન કોલર હતો. આ ઘા શરીરમાં ગોળી દાખલ થવાથી થયેલ હતો. તે કોલમ નં.૭ ના શર્ટ ઉપરના કાણાં નં.૧ ને સુસંગત હતો.

**(૨)** જમણીબાજુ પેટના ઉપરના ભાગે મધ્યથી ૩૫ સે.મી. જમણીબાજુ, જમણી નિપલથી ૧૭ સે.મી. નીચે અને જમણી એડીથી ૧૧૨ સે.મી.

ઉપર ૦.૬ સે.મી. વ્યાસનું કાણું હતું, જેના માર્જીન્સ બહારની તરફ વળેલ હતા અને આ ઈજા શરીરમાંથી ગોળી બહાર નીકળવાના કારણે થયેલ હતી અને તે કોલમ નં.૭ ની શર્ટ ઉપરના કાણાં નં.૨ ને સુસંગત હતી.

**(૩ અને ૪)** ડાબી જાંઘ ઉપર બહારના ભાગે એડીથી ૭૭ સે.મી. ઉપર ૧ સે.મી. વ્યાસનો અને સ્નાયુઓ સુધી ઉંડો ઘા હતો, જેના માર્જીન્સ અંદરની તરફ વળેલ હતા. આ ઘા પગમાં ગોળી દાખલ થવાના કારણે થયેલ હતો અને તે કોલમ નં.૭ ના પેન્ટ ઉપરના કાણાં નં.૩ ને સુસંગત હતો. આ ગોળી પગમાં દાખલ થયા બાદ તે જમણી તરફ અને નીચેની બાજુ ઘા બનાવીને ડાબી જાંઘના સ્નાયુઓને ચીરીને ડાબી જાંઘના મધ્યભાગ તરફ ૦.૬ સે.મી. વ્યાસનું કાણું બનાવેલ હતું, જેના માર્જીન્સ બહારની તરફ વળેલ હતા, જે ઘા ગોળી બહાર નીકળવાના કારણે થયેલ હતો અને આ ઘા ડાબી એડીથી ૬૮ સે.મી. ઉપર હતો તથા ઘા ઉપર લાલ કલરનું લોહી જામેલ હતું અને ઘા માંથી ગોળી પસાર થવાની જગ્યાએ પણ લાલ લોહી જામી ગયેલ હતું.

**(૫)** ડાબા હાથના અંગુઠા ઉપર ૧.૭ X ૧.૫ X ૦.૫ સે.મી. સાઈઝનો છુંદાયેલો ઘા હતો,જેનો નખ નીકળી ગયેલો અને લાલ કલરનું લોહી જામી ગયેલ હતું. ડાબા હાથની પહેલી આંગળી ઉપર ૩ X ૨ X ૧ સે.મી. સાઈઝનો છુંદાયેલો ઘા બહારના ભાગે હતો અને તેના ઉપર લાલ કલરનું લોહી જામી ગયેલું, જે આંગળીએ ત્રણ અસ્થિભંગ માલુમ પડેલા. ડાબા હાથની પહેલી અને બીજી આંગળી વચ્ચેના ભાગે ૦.૬ X ૦.૬ સે.મી.ની સાઈઝનો છુંદાયેલો ઘા હતો અને લાલ લોહી જામી ગયેલ હતું અને ઉપરોક્ત તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની તાજી હતી.

ડોક્ટરશ્રીએ વધુમાં જણાવેલ છે કે, પી.એમ. નોટના કોલમ નં.૧૮ માં જણાવ્યા મુજબ લાશના ડાબા હાથની પહેલી આંગળી પર સ્પર્શથી ત્રણ ફ્રેકચર માલુમ પડેલા તથા ડાબી હાંસડીના બહારના ભાગે પણ અસ્થિભંગ જોવા મળેલ અને આ ઈજાઓ મૃત્યુ પહેલાની તાજી હતી, છાતીની આંતરિક તપાસમાં કોલમ નં.૧૭ ની ઈજા નં.૧ ને સુસંગત આઠમી અને નવમી પાંસળી વચ્ચેના સ્નાયુઓમાં ૦.૬ સે.મી. વ્યાસનું કાણું હતું, જે છાતીમાં ગોળી દાખલ થવાના કારણે થયેલ હતું, ત્યારબાદ ગોળી જમણી અને નીચેની તરફ આગળ વધતા ફેફસાંનો પડદો, ડાબુ ફેફસું, ડાયાફ્રામને ચીરીને પેટમાં દાખલ થયેલ અને બન્ને ફેફસાં ફીક્કા પડી ગયેલા જોવા મળેલ તથા શબમાં ગોળી પસાર થવાના સમગ્ર રસ્તામાં લાલ કલરનું લોહી જામી ગયેલ હતું. ડોક્ટરશ્રીએ વધુમાં

જણાવેલ છે કે, પેટની આંતરિક તપાસ કરતા કોલમ નં.૧૭ ની ઈજા નં.૧ અને ૨ ને સુસંગત ઈજાઓ જોવા મળેલ, જે અનુસાર કોલમ નં.૧૭ ની ઈજા નં.૧ બનાવ્યા બાદ ગોળી છાતીમાં થઈને જમણી બાજુ, નીચેની તરફ પેટના પોલાણમાં દાખલ થયેલ તે બરોળને ૮ X ૭ X ૪ સે.મી. વિસ્તારમાં ચીરી જઠરની દિવાલ, આંતરડા અને મહાશીરાને ચીરીને લીવરના જમણા ભાગ અને જમણી કીડનીને ચીરીને કોલમ નં.૧૭ ની ઈજા નં.૨ દ્વારા બહાર નીકળી ગયેલ તથા શબના શરીરમાં ગોળી પસાર થઈ તે વિસ્તારમાં લાલ કલરનું લોહી જામી ગયેલ હતું, પેટના પોલાણમાં આશરે ૨.૫ લીટર લોહી હતું, જઠર ખાલી હતું અને તમામ આંતરિક અવયવો ફીક્કા પડી ગયેલા હતા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, લાશ પરથી ચામડીના તથા લોહીનો નમુનો વિગેરે જરૂરી વિશેરા તથા લાશ પરના કપડાં લઈ તમામ એફ.એસ.એલ. ખાતે વધુ તપાસ માટે સીલબંધ હાલતમાં PI શ્રી ઝાલાને સુપ્રત કરેલા અને પી.એમ. તે જ દિવસે સવારે ૦૯–૩૦ કલાકે પૂર્ણ કરેલું અને શબપરિક્ષણના અંતે મૃત્યુના કારણમાં તેઓએ ગુજરનારનું મોત શરીર પર ગોળી વાગવાના કારણે શોક અને હેમરેજ થવાના કારણે થયેલ હોવાનો અભિપ્રાય આપેલ હોવાનું જણાવી આંક–૧૭૬ વાળી પી.એમ. નોટ પોતાના હસ્તાક્ષરમાં હોવાનું જણાવી તેમાં તેઓની તથા તેઓના સાથી ડો. ગોસ્વામીનાઓની સહી તથા હોદ્દાનું સીલ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ પી.એમ. નોટના કોલમ નં.૧૭માં જણાવેલી તમામ ઈજાઓ ફાયર આર્મ્સથી કરવામાં આવેલ હોવાનું અને તે કુદરતના સામાન્ય ક્રમમાં વ્યક્તિનું મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હોવાનું જણાવેલ છે. ડોકટરશ્રીની આરોપીઓના વકીલશ્રીઓ દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ નકારેલ છે કે, ઈન્કવેસ્ટ પંચનામામાં જણાવેલ હકિકતોને આધારે લાશનું પી.એમ. કર્યા વિના તેઓએ પી.એમ. નોટ તૈયાર કરીને તપાસનીશ અધિકારીને સુપ્રત કરી દીધેલી. તેઓએ એવું સ્વીકારેલ નથી કે, કોલમ નં.૧૭ ની ઈજા નં.૧ જો ફાયર આર્મ્સનો ઉપયોગ ઉંચાઈ પરથી કરવામાં આવેલ હોય તો જ સંભવી શકે. તેઓએ વધુ ઉલટમાં જણાવેલ છે કે, પ્રકાશભાઈના મૃત્યુ થયાના બાર કલાકના અંદરના સમયગાળામાં રાયગર મોર્ટીસની પ્રક્રિયા શરૂ થયેલી હોવી જોઈએ. તેઓએ નકારેલ છે કે, તેઓએ જે લોહીના નમુના કબજે કરેલા તેની નોંધ પી.એમ. નોટમાં કરેલ નહિ.

૧૦.૧ ડોક્ટરશ્રીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ મરણજનારનું શબ પરિક્ષણ અર્થે તેઓ પાસે આવતા, શબ પરિક્ષણ કરી પી.એમ. નોટ તૈયાર કરેલ હોવાનું ફલિત થાય છે. ડોક્ટરશ્રીએ પી.એમ. નોટના કોલમ નં.૧૭ માં પાંચ ઈજાઓ જણાઈ આવેલ હોવાનું કહેલ છે અને સદર ઈજા મૃત્યુ પહેલાની અને તાજી હોવાનું કહેલ છે અને મરણજનારનું મૃત્યુ શરીર પર ગોળી વાગવાને કારણે શોક તથા હેમરેજ થવાથી થયેલ હોવાનો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે અને સદર હકિકતથી વિરૂધ્ધની કોઈ હકિકત બચાવપક્ષનાઓ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી ત્યારે મરણજનારનું મૃત્યુ એ સાપરાધ મનુષ્યવધ હોવાનું સ્પષ્ટ થઇ આવતું હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય તે રીતે હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ઃ</u>**

(૧૧) ફરિયાદપક્ષ દ્વારા આંક-૧૭૧ થી બનાવ નજરે જોનાર ફરિયાદી કરૂણા પાર્થ રસ્તોગીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ફરિયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ૨૦૧૩ માં તેઓ પતિ, પુત્ર તથા પુત્રી સાથે લાડ સોસાયટી, બોડકદેવ ખાતે રહેતા હતા અને તેઓ સેન્ટ્રલ મેનેજર તરીકે લેન્ડમાર્ક સંસ્થામાં કામ કરતા હોય, જ્યાં મરણજનાર પ્રકાશભાઈ સોની આવતા હોઈ, તેમને સારી રીતે ઓળખતા હતા તેમજ તેઓના પતિને લગ્નપ્રસંગે જવાનું હોય તેમને ભેટ આપવા માટે તેઓ મરણજનારની દુકાને ગયેલા ત્યારે તેમણે તે ભેટ તેઓને ઘરે આપી જવાનું કહેલ. ફરિયાદીએ વધુમાં જણાવેલ છે કે, તા.૨૦/૧૧/૨૦૧૩ ના રોજ રાત્રિના સમયે તેઓ, પોતાના પતિ તથા દીકરી ઘરે હાજર હતા ત્યારે તેઓને ફટાકડા ફુટેલ હોય તેવો અવાજ સંભળાતા તેઓની દીકરી બહાર જોવા નીકળતા તેની પાછળ તેઓ પણ ગયેલા અને ત્યાં જોયેલ તો, સફેદ કલરની એક સ્કોર્પીયો ગાડી અને એક મોટરસાયકલ ઉપર એક છોકરો બેઠેલ હતો અને એક છોકરો નીચે પડેલ ભાઈ પાસેથી થેલો લઈ દોડતો ગયેલ અને મોટરસાયકલ ઉપર બેસી ગયેલ, જ્યાં તેઓએ જઈને જોતાં તે પડેલ માણસ પ્રકાશભાઈ સોની હતા, જેથી તેઓની દીકરી અને પતિએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ, તે વખતે તેઓની દીકરીએ જણાવેલ કે,"આરોપીઓ ૨૫ થી ૩૦ વર્ષના હતા અને કાળા કલરના પલ્સર બાઈક ઉપર જતા રહેલા", તેઓને પ્રકાશભાઈના મેનેજરે કહેલ કે, "બેગમાં દાગીનાઓ હતા".

ફરિયાદીએ બનાવ અંગેની ફરિયાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં લખાવેલ હોવાનું જણાવી આંક–૧૭૨ વાળી ફરિયાદમાં લખેલી હકિકતો ખરી હોવાનું કહી, તેમાં તેઓની સહી હોવાનું ઓળખી બતાવે છે. ફરિયાદીની આરોપીઓના વકીલશ્રી દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ કબુલેલ છે કે, તેઓ ગુજરાતી ભાષા વાંચી, લખી શકતા નથી પણ ગુજરાતી સમજી શકે છે અને આંક–૧૭૨ વાળી ફરિયાદમાં પોલીસે તેઓને ફરિયાદની હકીકતો જે ગુજરાતીમાં હતી તેનો હિન્દીમાં અનુવાદ કરીને સમજાવેલી તેવી નોંધ ફરિયાદમાં લખેલ નથી. તેઓએ જણાવેલ છે કે, તા.૨૦/૧૧/૨૦૧૩ ના રોજ સૌપ્રથમ વખત તેઓએ પોલીસને રાત્રે આશરે ૧૧–૦૦ વાગ્યા આસપાસ જોયેલી. તેઓએ કબુલેલ છે કે, બનાવની હકીકતની જાણ તેઓને તેઓની દીકરીએ કરેલી અને તેઓએ આરોપીઓને જોયેલા નહી અને આંક–૧૭૨ વાળી ફરિયાદમાં આરોપીઓના કપડાંનું જે વર્ણન જણાવેલ છે તે તેઓને તેઓની દીકરીએ જણાવેલું. તેઓએ એમ પણ કબુલેલ છે કે, પ્રકાશભાઇના મેનેજર હરેશભાઇ પટેલને તેઓ ઓળખતા નથી અને મેનેજર હરીશભાઇ સાથે તેઓને વાતચીત કરવાનો કોઇ પ્રસંગ બનેલ નથી. તેઓએ એ વાત સ્પષ્ટપણે કબુલ રાખેલ છે કે, પોલીસે તેઓ પાસે આરોપીઓની કોઇ ઓળખપરેડ કરાવેલ નહી.

૧૧.૧ ફરિયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ ફરિયાદ હકિકતને સુસંગત હકિકતો જણાવેલ હોવાનું ફલિત થાય છે ત્યારે ફરિયાદ હકિકત જોવી જરૂરી જણાય છે. ફરિયાદ હકિકત જોતાં, સવાલવાળી ફરિયાદ અજાણ્યા માણસો સામે દાખલ કરવામાં આવેલ હોવાનું ફલિત થાય છે અને સદર અજાણ્યા માણસો તે હાલના આરોપીઓ જ હોય તેવું ફરિયાદીના પુરાવામાં ખૂલવા પામતું ન હોય, ફરિયાદમાં જે અજાણ્યા માણસોનો ઉલ્લેખ છે તે આરોપીઓ જ હોવાનું માની લેવું ઉચિત જણાતું નથી.

ફરિયાદીએ ઉલટતપાસમાં બનાવ હકિકતની જાણ તેઓને તેઓની દીકરીએ કરેલ હોવાનું કહેલ છે ત્યારે ફરિયાદીને બનાવ હકિકત બાબતે અંગત કોઇ જાતમાહિતી હોય તેવું જણાઇ આવતું નથી. વળી, ફરિયાદીએ આરોપીઓને જોયેલ ન હોવાનું સ્વીકારેલ છે અને પોલીસે તેઓ થકી આરોપીઓની કોઇ ઓળખપરેડ કરાવેલ ન

હોવાનું પણ સ્વીકારેલ છે ત્યારે અજાણ્યા માણસો તે હાલના આરોપીઓ જ હોવાનું માની લેવું ઉચિત જણાતું નથી.

(૧૨) ફરિયાદપક્ષ દ્વારા આંક-૧૮૯ થી સાહેદ ગૌરાંગ સુરેન્દ્રભાઇ વૈદ્યને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, સને ૨૦૧૩ ના અરસામાં તેઓ બંગલા નં.૧૭, લાડ સોસાયટી, વસ્ત્રાપુર ખાતે રહેતા હતા, તા.૨૦/૧૧/૨૦૧૩ ના રોજ તેઓ ઘરે હાજર હતા ત્યારે આશરે નવ, સવા નવ વાગે બે-ત્રણ ફટાકડા ફુટવાનો અવાજ થતા તેઓએ ઘરની બહાર નીકળીને તે દિશામાં જોયેલ તો, કોર્નર ઉપર એક બાઇક ચાલુ હાલતમાં ઉભેલ હતું અને તેઓ બાઇકની નજીક જોવા માટે ગયેલા ત્યારે એક છોકરો બગલ થેલો લઇને દોડતો દોડતો ત્યાં આવી બાઇક ઉપર બેસીને "જલ્દી કર, જલ્દી કર" તેવું બોલેલ અને ત્યારબાદ તે લોકો ત્યાંથી ભાગી ગયેલા, તે વખતે તેઓએ ગલીમાં નજર કરતા ત્યાં એક સફેદ કલરની સ્કોર્પીયો પડેલ હતી અને ત્યાં નજીક જઇને જોયેલ તો, એક વ્યક્તિ ત્યાં ઉંધી હાલતમાં પડેલ હતી, તે વ્યક્તિને જોતાં તેઓને કંઇક ખોટું થયેલાનું લાગેલું જેથી, તેઓએ તે વ્યક્તિને ચત્તા કરીને જોતાં તેમના શરીરમાંથી લોહી નીકળતું હતું અને તે હલનચલન કરતા ન હતા, જેથી તેઓએ ૧૦૮ ને ફોન કરેલો, તે વખતે બંગલા નં.૨૨/બી માંથી કરૂણાબેન રસ્તોગી, તેમની દીકરી બન્ને જણાં બહાર આવેલા અને સોસાયટીના અન્ય લોકો પણ ત્યાં ભેગા થઇ ગયેલા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ત્યાં ૧૦૮ આવ્યા બાદ તેઓ અને કરૂણાબેનની દીકરી, ઈજાપામનારને સોલા સીવીલ હોસ્પિટલમાં લઇ ગયેલા, જ્યાં ફરજ પરના ડૉકટરશ્રીએ તે વ્યક્તિને મરણ ગયેલ જાહેર કરેલ, સદર ગુજરનાર વ્યક્તિ પ્રકાશભાઇ સોની હતા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓ બાઇક ઉપર આવનાર બન્ને વ્યક્તિઓને બનાવને લાંબો સમય થયેલ હોય તેમજ બનાવ સમયે શિયાળાનો રાત્રિનો સમય હોઇ, ઓળખી શકે કે ના ઓળખી શકે તે ચોકક્સ કહી શકે નહી. સાહેદની આરોપીઓના વિ.વકીલશ્રી દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ કબુલેલ છે કે, તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપીઓની ઉંચાઇ, ચામડીનો રંગ તથા ચહેરા કેવા હતા તે અંગેનો કોઇ ઉલ્લેખ કરેલ નથી, સ્વેચ્છાએ જણાવે છે કે તેઓએ નિવેદનમાં બન્ને વ્યક્તિઓ પાતળા બાંધાના અને ૨૦ થી ૩૦ થી વર્ષની ઉંમરના હતા

તેવું લખાવેલ છે. તેઓએ કબુલેલ છે કે, પોલીસે તેઓને આરોપીઓની ઓળખ કરવા માટે ઓળખપરેડની કાર્યવાહી કરવા બોલાવેલ નહી. તેઓએ એમ પણ કબુલેલ છે કે, પોલીસે તેઓને કોઇપણ પ્રકારના પંચનામાંની કાર્યવાહી માટે બોલાવેલ નહી. તેઓએ કબુલેલ છે કે, તેઓને પાછળથી વાતોવાતોથી મરણજનારનું નામ પ્રકાશભાઇ હોવાનું જાણવા મળેલ. તેઓએ નકારેલ છે કે, ફટાકડા કુટવાનો અવાજ સાંભળીને તેઓ બહાર નીકળેલા તેવું તેઓ ખોટું જણાવે છે અને ૧૦૮ ને ફોન કરેલાની હકીકત પણ તેઓ ખોટી જણાવે છે.

૧૨.૧ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ ફરિયાદ હકિકતને સુસંગત હકિકત જણાવેલ હોવાનું ફલિત થાય છે પરંતુ, તેઓએ બાઇક ઉપર આવનાર વ્યક્તિઓને બનાવને લાંબો સમય થયેલ હોય તેમજ બનાવ સમયે શિયાળાનો રાત્રિનો સમય હોઇ, ઓળખી શકે તે ચોક્કસ કહી શકે નહિ તેવું જણાવેલ છે ત્યારે બાઇક ઉપરના બે ઇસમો હાલના આરોપીઓ જ હોવાનું માની લેવું ઉચિત જણાતું નથી. ખરેખર બાઇક ઉપર આવનાર બન્ને વ્યક્તિઓ હાલના આરોપીઓ પૈકીના જ હોત તો, સાહેદે તેઓને ચોક્કસપણે ઓળખી બતાવેલ હોત.

સાહેદે તેઓને પોલીસે આરોપીઓની ઓળખપરેડની કાર્યવાહી કરવા માટે બોલાવેલ ન હોવાનું સ્વીકારેલ છે ત્યારે પણ બાઇક ઉપર આવનાર બન્ને વ્યક્તિઓ તે હાલના આરોપીઓ જ હોવાનું માની લેવું ઉચિત જણાતું નથી.

(૧૩) ફરિયાદપક્ષ દ્વારા આંક-૧૩૭ થી એકઝી.મેજિસ્ટ્રેટશ્રી ઇન્દ્રવીર વજુભા ઝાલાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, સને ૨૦૧૪-૧૫ માં તેઓ મેટ્રોપોલિટન એરીયા, ઘી કાંટા, કોર્ટ નં.૨ માં ફરજ પર હાજર હતા તે દરમ્યાન ક્રાઇમ બ્રાંચ દ્વારા તેઓને એક યાદી ઓળખપરેડ કરવા અંગે તા.૨૮/૫/૨૦૧૪ ના રોજ આપેલ, જે યાદી આંક-૧૩૯ થી રજુ છે અને તેમાં તેઓની સહી છે, આ યાદી અનુસંધાને તેઓએ ઓળખપરેડ કરાવવા અંગેનો આંક-૧૪૦ વાળો ક્રાઇમ બ્રાંચ પોલીસને પત્ર લખેલ, જેમાં તેઓની સહી છે. સાહેદે આંક-૧૩૮ વાળુ ઓળખપરેડનું અસલ પંચનામું રજુ કરી, તે પંચનામું તેઓએ પંચોની હાજરીમાં કરેલ

હોવાનું જણાવી તેમાં પંચોની તથા રૂબરૂમાં તેઓની સહીઓ હોવાનું ઓળખી બતાવે છે. સાહેદની આરોપીઓના વકીલશ્રી દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ કબુલેલ છે કે, ઓળખપરેડ કોર્ટ નં.૨ ના પ્રથમ માળે કરવામાં આવેલી અને કોર્ટ નં.૨ ની સામે ખૂલ્લુ મેદાન છે તથા કોર્ટ નં.૨ ના પહેલા એક ગેલેરી આવેલી છે અને આ ગેલેરીમાંથી મેદાનમાં કોણ વ્યક્તિ ઉભુ હોય તે જોઇ શકે છે અને તેઓએ જાતે બહાર આવીને તપાસ કરેલ નથી કે કોર્ટની બહાર આવેલ ખુલ્લા મેદાનમાં ઓળખપરેડના સાક્ષીઓ આવીને ઉભા છે કે કેમ? તેઓએ એમ પણ કબુલેલ છે કે, તેઓના પટાવાળા અને ઓળખપરેડ માટે આવેલ સાહેદો વચ્ચે શું વાતચીત થઇ તે તેઓ કહી શકે નહિ. તેઓએ કબુલ કરેલ છે કે, ઓળખપરેડના પંચનામામાં ડમી વ્યક્તિઓની હાઇટ કે આરોપીઓની હાઇટ લખેલી નથી. તેઓએ નકારેલ છે કે, પંચોને કોણ બોલાવવા ગયેલું તેની નોંધ તેઓએ ઓળખપરેડના પંચનામામાં કરેલ નથી. તેઓએ નકારેલ છે કે, તેઓના પટાવાળાએ આ કામના સાક્ષીઓને આ કામના આરોપીઓ ક્યાં, ક્યા નંબરે ઉભેલા છે તેની જાણ કરી દીધેલી. તેઓએ નકારેલ છે કે, આ ઓળખપરેડનું પંચનામું તેઓએ જાતે તૈયાર કરી દીધેલ અને તે તૈયાર પંચનામામાં તેઓએ પંચોની ફક્ત સહીઓ લઇ લીધેલી. તેઓએ કબુલેલ છે કે, તમામ સાહેદોના ઓળખકાર્ડ તેઓએ જોયેલા નહિ તેમજ તેમના ઓળખકાર્ડ પોલીસને પંચનામા સમયે રાખવા જણાવેલ નહિ. તેઓએ નકારેલ છે કે, ડમી આરોપીઓના નામનું લીસ્ટ પહેલાથી જ તૈયાર હતું અને ઓળખપરેડ ચાલતી હતી ત્યારે ત્રણેય આરોપીઓ એકસાથે ઉભા હતા. તેઓએ નકારેલ છે કે, તેઓએ પંચોની હાજરીમાં ઓળખપરેડનું પંચનામું કરેલ નથી અને તેઓની રૂબરૂમાં આરોપીઓ તથા ડમી વ્યક્તિઓના ક્રમ અદલબદલ કરીને પંચનામું કરવામાં આવેલ નથી કે તેઓની રૂબરૂમાં કોઇ ઓળખપરેડ થયેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૩૯ ની યાદીમાં રીસીવ્ડ કર્યા અંગે તેઓની સહી છે, જેમાં નીચે તા.૨૮/૫/૨૦૧૪ લખેલ છે અને ઓળખપરેડનું પંચનામું તેઓએ તા.૨૯/૫/૨૦૧૪ના રોજ કરેલું.

૧૩.૧ એક્ઝી.મેજિસ્ટ્રેટશ્રીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ આરોપીઓ નામે ગોવિંદ રાજવીરસિંગ, મનીષ શ્રીનિવાસ ગોસ્વામી તથા અર્જુનસિંહ કિશનસિંહ જાદોન નાઓની અનુક્રમે સાહેદ ઝફરઆલમ, નફીઝઆલમ, અલ્પેશ

જયંતિભાઇ સુથાર તથા અરવિંદકુમાર મંગળદાસ પરમાર મારફતે ઓળખપરેડ કરાવેલ હોવાનું ફલિત થાય છે પરંતુ, ટ્રાયલના કામે આવા કોઇ સાહેદોને તપાસવામાં આવેલ નથી કે તેઓએ આરોપીઓને કઇ રીતે ઓળખી બતાવેલ છે તેવી કોઇ સ્પષ્ટ હકિકતો રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે સાહેદોએ જે તે આરોપીઓને ઓળખી બતાવવા માત્રથી, વિશેષ કોઇ ફેર પડતો નથી.

(૧૪) ફરિયાદપક્ષ દ્વારા આંક−૧૬૧ થી એકઝી.મેજિસ્ટ્રેટશ્રી ભરત સવજીભાઇ સાપરાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૪/૩/૨૦૧૫ ના રોજ તેઓની એક્ઝી.મેજીસ્ટ્રેટ, એરીયા કોર્ટ નં.૨ ખાતેની ફરજ દરમ્યાન ક્રાઇમ બ્રાંચ, અમદાવાદના PI શ્રીની આરોપી વિજય ઉર્ફે અરવિંદ જૈન ઉર્ફે પ્રશાંત ઉર્ફે આકાશ શર્મા ઉર્ફે વિશાલ રામેશ્વરપુરી ગોસ્વામી તથા તા .૨૫/૩/૨૦૧૫ ના રોજ સદર આરોપીની ઓળખપરેડ કરાવવા સારૂ તેઓને યાદી મળતા તેઓએ તેમને તા.૨૪/૩/૨૦૧૫ ના રોજ સાંજના ચાર વાગ્યાનો અને તા.૨૫/૩/૨૦૧૫ નો પણ સાંજે ચાર વાગ્યાનો સમય આપેલ, જે મુજબ જેઓ આરોપીને તેઓ સમક્ષ ઓળખપરેડ કરાવવા સારૂ લઇને આવેલા, તે ઓળખપરેડ તેઓએ આંક−૧૫૮, આંક−૧૫૯ વાળા પંચનામામાં જણાવેલી વિગતે કરેલી, જે ઓળખપરેડના પંચનામાં તેઓએ પંચોની હાજરીમાં કરેલા હોવાનું જણાવી અસલ પંચનામાં તેઓ નામ.કોર્ટમાં રજુ કરે છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તા.૨૩/૩/૨૦૧૫ ની ક્રાઇમ બ્રાંચ, PI,અમદાવાદ શહેરનાની તેઓને ઉદ્ધેશીને લખેલ અસલ યાદી આંક−૧૬૨ વાળી નામદાર કોર્ટમાં રજુ કરે છે અને આ યાદીના અનુસંધાને તેઓએ ઓળખપરેડની જે તારીખ, સમય તા.૨૪/૩/૨૦૧૫ ના રોજ સાંજના ચાર વાગ્યાનો આપેલો તેની ઓફીસ કોપી તેઓ આંક−૧૬૩ વાળી આજ રોજ નામ.કોર્ટમાં રજુ કરે છે. તેઓ વધુમાં, તા.૨૩/૩/૨૦૧૫ ની ક્રાઇમ બ્રાંચ, PI,અમદાવાદ શહેરનાની તેઓને ઉદ્ધેશીને લખાયેલ આંક−૧૬૪ વાળી યાદી નામદાર કોર્ટમાં રજુ કરે છે અને સદર યાદીના અનુસંધાને તેઓએ ઓળખપરેડનો જે તારીખ અને સમય તા.૨૫/૩/૨૦૧૫ ના રોજ સાંજના ચાર વાગ્યાનો આપેલો તેની ઓફીસ કોપી તેઓ આંક−૧૬૫ વાળી નામ.કોર્ટમાં રજુ કરે છે. સાહેદની આરોપીઓના વકીલશ્રી દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, આંક−૧૫૮ અને આંક−

૧૫૯ ના ઓળખપરેડના પંચનામામાં પંચનામાંના સ્થળ તરીકે જે કોર્ટ રૂમ દર્શાવેલ છે તે પહેલા માળે આવેલ છે. તેઓએ કબુલેલ છે કે, પ્રથમ માળે આવેલ કોર્ટ રૂમની સામેની બાજુએ ખુલ્લુ મેદાન આવેલ છે અને સદર કોર્ટ રૂમની બહારના ભાગે ગેલેરી આવેલ છે અને ગેલેરીમાંથી સામે આવેલ ખુલ્લુ મેદાન અને તેમાં થતી અવરજવર જોઇ શકાય છે. તેઓએ એમ પણ કબુલેલ છે કે, તેઓ જ્યારે કોર્ટ રૂમની અંદર બેસીને ઓળખપરેડની કાર્યવાહી કરતા હોય ત્યારે સામે આવેલ ખુલ્લા મેદાનમાં કોઇ સાક્ષીઓની અવરજવર થતી હોય તો તેની તપાસ કરવા તે જાતે જતા નથી. તેઓએ કબુલેલ છે કે, આંક–૧૫૮ અને આંક–૧૫૯ વાળા પંચનામાંના પંચોને તેઓની ઓફીસનો પટાવાળો બોલાવી લાવેલો અને તે પટાવાળા તથા પંચો વચ્ચે શું વાતચિત થયેલી તેની તેઓને જાણ નથી. તેઓએ કબુલેલ છે કે, આંક–૧૬૨ અને આંક–૧૬૪ વાળી બંને યાદીમાં આરોપીઓના નામજોગ ગુનાનું વર્ણન પણ કરવામાં આવેલું છે. તેઓએ કબુલેલ છે કે, આંક–૧૫૮ અને આંક–૧૫૯ વાળા પંચનામાં શરૂ કરતા અગાઉ કેટલા સમય પહેલા પોલીસ આરોપીઓને કોર્ટ કંપાઉન્ડમાં લઇને આવેલી તેની તેઓને જાણ નથી અને આ બંને પંચનામામાં દર્શાવેલ ઓળખ કરનાર સાહેદો કેટલા વાગે કોર્ટ કંપાઉન્ડમાં આવી ગયેલા તેની પણ તેઓને જાણ નથી. તેઓને એ વાતની માહિતી નથી કે તેઓ રૂબરૂની ઓળખપરેડમાં આરોપીની ઓળખ કરવામાં આવે તે પહેલા જ પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક સમાચારના માધ્યમોમાં આરોપીઓની ઓળખ છતી થઇ ગયેલી હતી કે કેમ? તેઓએ નકારેલ છે કે, તેઓએ યોગ્ય કાયદાકીય કાર્યવાહી હાથ ધરી હાલના બન્ને પંચનામાંની પ્રક્રિયા કરેલ નથી.

૧૪.૧ એક્ઝી.મેજિસ્ટ્રેટશ્રીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ આરોપીઓ નામે વિશાલ ઉર્ફે વિજય ઉર્ફે અરવિંદ જૈન ઉર્ફે પ્રશાંત ઉર્ફે આકાશ શર્મા રામેશ્વરપુરી ગોસ્વામી તથા રીન્કુ ઉર્ફે રાજ ઉર્ફે રાજવીર ઉર્ફે રામવીર ઉર્ફે રાજેશ ભગવાનગીરી ગોસ્વામી નાઓની અનુક્રમે સાહેદ ઝફરઆલમ, અલ્પેશ જયંતિભાઇ સુથાર તથા અરવિંદકુમાર મંગળદાસ પરમાર મારફતે ઓળખપરેડ કરાવેલ હોવાનું ફલિત થાય છે પરંતુ, ટ્રાયલના કામે આવા કોઇ સાહેદોને તપાસવામાં આવેલ નથી કે તેઓએ આરોપીઓને કઇ રીતે ઓળખી બતાવેલ છે તેવી કોઇ સ્પષ્ટ હકિકતો રેકર્ડ ઉપર આવેલ

નથી ત્યારે સાહેદોએ જે તે આરોપીઓને ઓળખી બતાવવા માત્રથી, વિશેષ કોઇ ફેર પડતો નથી.

(૧૫) ફરિયાદપક્ષ દ્વારા આંક–૬૨ થી પંચ વાઘાભાઇ લાઘાભાઇ ભરવાડને તથા આંક–૭૮ થી પંચ કરશનભાઇ મોતીભાઇ ભરવાડને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૧/૧૧/૨૦૧૩ના રોજ પોલીસે તેઓને કોઇ જગ્યાએ બોલાવેલ ન હતા અને તે જગ્યાએથી પોલીસે કોઇ વસ્તુ કબજે કરેલ હોય તેવું બનેલ નથી. આ ઉપરાંત તેઓએ પોતાની હાજરીમાં બનાવવાળી જગ્યાએથી પોલીસે F.S.L. કર્મચારીની હાજરીમાં તૂટેલ કારતુસ, જીવતા કારતુસ અને લોહી વિગેરે કબજે લીધેલ હોવાની વાત ખરી નહિ હોવાનું તેમજ પોલીસે પંચોની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ પંચનામું લખી લઇ, અંતે સહીઓ લીધેલ હોવાની વાત ખરી નહિ હોવાનું તથા તેઓની સાથે એક બીજા પંચ હોવાની વાત પણ ખરી નહિ હોવાનું જણાવી, આંક–૬૩ વાળા પંચનામામાં તેઓની સહીઓ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ કોર્ટ રૂબરૂ મુ.આ.નં.૧ ફુટેલી બુલેટ ૯ mm ની કારતુસ, મુ.આ. નં.૨ અને ૩ રસ્તા પરથી લોહીના ડાઘા ઘસીને લીધેલ કોટન રૂ, મુ.આ.નં.૪ કન્ટ્રોલ કોટન રૂ, મુ.આ.નં.૫ ની ૭.૬૫ mm ની ફુટેલી કારતુસ, મુ.આ.નં.૬ એક ૯ mm પિસ્તોલનું ખાલી મેગ્ઝીન, મુ.આ.નં.૭ ત્રણ નંગ જીવતા કારતુસ ૯ mm પિસ્તોલના તથા મુ.આ. નં.૮, ૯ અને ૧૦ વાળા ફુટેલા કારતુસ ૯ mm ના તેઓની હાજરીમાં કબજે લેવામાં આવેલ ન હોવાનું જણાવલ છે. પંચસાહેદોની આરોપીઓના વિ.વકીલશ્રી દ્વારા કોઇ જ **ઉલટતપાસ** હાથ ધરવામાં આવેલ નથી.

૧૫.૧ પંચ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, પંચ સાહેદોએ આંક–૬૩ વાળા પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી ત્યારે તેઓના પુરાવાથી આંક–૬૩ વાળા પંચનામાની હકિકત પુરવાર થઇ ગયેલ હોવાનું માની લેવું ઉચિત જણાતું નથી.

(૧૬) ફરિયાદપક્ષ દ્વારા આંક–૭૯ થી પંચ ચંદુભાઇ જતાજી મારવાડીને સોગંદ

ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે તેઓને તા.૨૧/૧૧/૨૦૧૩ના રોજ વસ્ત્રાપુર પો.સ્ટે. ખાતે પંચનામાની કાર્યવાહી માટે બોલાવેલ, તેઓની સાથે બીજા પંચ તરસારામ પણ હતા, પોલીસે હોસ્પિટલમાંથી બે બોક્સ સીલબંધ હાલતમાં લાવી રજુ કરતા તે કબજે લેવાનું પંચનામું કરવાનું હતું જેથી તેઓ પંચમાં રહેલા. તદુપરાંત, તેઓ મુ.આ.નં.૧૧ અને ૧૨ સીલબંધ હાલતમાં પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ હોવાનું જણાવી ઓળખી બતાવે છે તેમજ આંક−૮૦ વાળુ પંચનામું પી.એમ. કરનાર ડોક્ટરશ્રીએ સોંપેલ મુદ્દામાલ અંગેનું તેઓની હાજરીમાં લખવામાં આવેલ તે જ પંચનામું હોવાનું જણાવી તેમાં પંચ નં.૨ તરીકે તેઓની તથા પંચ નં.૧ તરીકે તરસારામની સહીઓ હોવાનું અને રૂબરૂમાં પોલીસ અધિકારીની સહી હોવાનું ઓળખી બતાવે છે. આ પંચસાહેદની આરોપીના વિ.વકીલશ્રી હકીમ દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ કબુલેલ છે કે, સને ૨૦૧૩ માં તેઓએ આ બોક્સ જોયેલા અને આ બોક્સને ઓળખવા માટે તેઓની કે બીજા કોઇ પંચની સહી લેવામાં આવેલ નહિ. તેઓએ નકારેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી છે.

૧૬.૧ પંચ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ડોક્ટરશ્રીએ પી.એમ. દરમ્યાન જે નમુનાઓ કબજે કરી સીલબંધ કરેલ તે હાજર પોલીસને સોંપતા, સદર પોલીસે પો.સ્ટે.માં આવી સીલબંધ મુ.આ.નં.૧૧ અને ૧૨ રજુ કરતા તે મુદ્દામાલ આંક−૮૦ ના પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોવાનું પંચ સાહેદે કહેલ છે ત્યારે તેઓના પુરાવાથી આંક−૮૦ વાળુ પંચનામું પુરવાર થતું હોવાનું ફલિત થાય છે.

(૧૭) ફરિયાદપક્ષ દ્વારા આંક−૮૨ થી પંચ વિપુલ મનહરભાઇ સોનીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે તેઓને તા.૨૧/૧૧/૨૦૧૩ના રોજ સોલા સિવિલ હોસ્પિટલમાં CMO રૂમની બાજુમાં જ્યાં ગુન્હો નોંધાયેલ તે ગુન્હાના કામે પંચનામું કરવાનું હોઇ, પંચમાં રહેવા બોલાવેલ, તેઓની સાથે બીજા પંચ વિજયભાઇ સોની પણ હતા, બાદ તેઓને પ્રકાશભાઇ સોનીની લાશ પાસે લઇ ગયેલા, લાશ પરથી કપડું હટાવતા લાશના જમણા પડખાના ભાગે તેમજ ડાબા પડખાના ભાગે ગોળી વાગેલાનું નિશાન હતું, ડાબા પગની જાંઘ ઉપર પણ

ડાબી અને જમણી બાજુ ગોળી વાગવાના નિશાન હતા, ડાબા હાથની પહેલી આંગળી અને અંગુઠા વચ્ચે પણ ગોળી વાગેલાનું નિશાન હતું તેમજ ડાબા પગના ઢીંચણના ભાગે છોલાયેલ હતું, ડાબા હાથે આગળપાછળના ભાગે વાગવાના હિસાબે લોહીથી ખરડાયેલા હતા, હાથે અને પગે લોહીના નિશાન હતા, શરીરે ક્રિમ કલરનો ગોલ્ડન લાઇનીંગવાળો શર્ટ અને કોફી કલર જેવું પેન્ટ પહેરેલ હતા, શર્ટ ઉપર ડાબી અને જમણી બાજુના પડખામાં ગોળી વાગેલ હતી તે જગ્યાએ કાણાં હતા તેમજ પેન્ટમાં ડાબા પગના ખિસ્સા નીચેના ભાગે કાણું હતું. આ સાહેદના વધુ પુરાવા મુજબ તેઓને કપડાં બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવી તેઓ મુ.આ.નં.૧૨ વાળા કપડાં જોઇ, તે મરણજનારના કપડાં એક ક્રિમ કલરનો લાઇનીંગવાળો શર્ટ અને એક પેન્ટ જે ઇન્કવેસ્ટ પંચનામા વખતે લાશ ઉપર જોયેલા તે જ કપડાં હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ આંક–૮૩ વાળા ઇન્કવેસ્ટ પંચનામામાં પંચ નં.૨ તરીકે તેઓની તથા પંચ નં.૧ તરીકે બીજા પંચ વિજયભાઇની સહીઓ હોવાનું ઓળખી બતાવેલ છે. પંચસાહેદની આરોપીના વકીલશ્રી હકીમ દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ કબુલેલ છે કે, આ બનાવમાં તેઓના સોની સમાજના વ્યક્તિનું મોત થયેલ હોઇ, તેઓ બધા સિવિલ હોસ્પિટલ ખાતે ભેગા થયેલા અને આ પહેલા તેઓ પ્રકાશભાઇને ક્યારેય મળેલ નહિ કે તેમને ઓળખતા ન હતા. તેઓએ કબુલેલ છે કે, પંચનામામાં ફરિયાદીનું નામ કે મરનારનું નામ તેઓએ લખાવેલ નહિ અને પોલીસે તેઓને પંચનામાની કોપી આપેલ નહિ. તેઓએ કબુલેલ છે કે, આ પંચનામું તેઓએ વાંચેલ છે અને આ પંચનામાના અમુક ભાગે તેઓએ લખાવેલ નથી. તેઓએ નકારેલ છે કે, તૈયાર પંચનામામાં તેઓ સહી કરેલી.

૧૭.૧ પંચ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, મરણજનારની લાશનું ઇન્કવેસ્ટ પંચનામું તેઓની હાજરીમાં કરવામાં આવેલ હોવાનું તેમજ મરણજનારના કપડાં પણ મુદ્દામાલ તરીકે તેઓની હાજરીમાં કબજે કરવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે ત્યારે તેઓના પુરાવાથી આંક–૮૩ વાળુ પંચનામું પુરવાર થતું હોવાનું ફલિત થાય છે.

(૧૮) ફરિયાદપક્ષ દ્વારા આંક–૮૬ થી પંચ અશોકભાઇ લક્ષ્મણજી ઠાકોરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, સને ૨૦૧૩માં તેઓ ચાયનીસ લારી ઉપર હતા ત્યારે પોલીસ આવી તેઓને પંચરની દુકાને લઇ ગયેલ, તે દુકાનનું નામ આનંદ હતું, પંચરવાળાએ ગોળી–કારતુસ કાઢીને બતાવતા તે તેઓની રૂબરૂમાં કબજે લેવામાં આવેલી, જે પંચનામામાં તેઓએ તથા બીજા પંચ સુરેન્દ્રસિંહે સહીઓ કરેલી. આ સાહેદના વધુ પુરાવા મુજબ તેઓને ગોળી બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવી આંક–૮૭ વાળા પંચનામામાં પંચ નં.૨ તરીકે તેઓની તથા પંચ નં.૧ તરીકે સુરેન્દ્રસિંહની સહીઓ હોવાનું ઓળખી બતાવે છે તેમજ તે સાહેદ આનંદ પંચરવાળાએ ફુટેલ કોપર બુલેટ રજુ કર્યાનું પંચનામું હોવાનું જણાવી મુ.આ.નં.૧૪ તેઓની હાજરીમાં કબજે લેવામાં આવેલ તે જ હોવાનું ઓળખી બતાવે છે. સાહેદની આરોપીઓના વકીલશ્રી દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ નકારેલ છે કે, તેઓની રૂબરૂમાં ટાયરમાંથી બુલેટ કાઢી પંચરવાળાએ બતાવેલ નહિ અને તેઓની રૂબરૂમાં આવુ કંઇ બનેલ નહિ. તેઓએ કબુલેલ છે કે તે બુલેટ ઉપર ઓળખવા માટે તેઓએ કોઇ નિશાની કરેલ નહિ કે પંચનામું કરતી વખતે તેઓએ મોબાઇલથી બુલેટનો કોઇ ફોટોગ્રાફ લીધેલ નહિ.

૧૮.૧ પંચ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓની હાજરીમાં પંચરવાળાએ જે તે વાહનના ટાયરમાંથી ગોળી કારતુસ કાઢીને બતાવતા તેઓની રૂબરૂમાં કબજે કરવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે ત્યારે તેઓના પુરાવાથી આંક–૮૭ વાળુ પંચનામું પુરવાર થતું હોવાનું ફલિત થાય છે.

(૧૯) ફરિયાદપક્ષ દ્વારા આંક–૯૦ થી પંચસાહેદ રાજેશભાઇ વાલુભાઇ દેસાઇને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ વસ્ત્રાપુર ખાતે લારી પર હાજર હતા ત્યારે પોલીસના માણસોએ આવી તેઓને પંચનામું કરવાનું છે તેમ કહી વસ્ત્રાપુર લાડ સોસાયટી, બંગલા નં.૨૪ ખાતે લઇ ગયેલ અને ત્યાં એક કારતુસ ફુટેલ હતું તે ત્યાંથી મળેલ તે બતાવી તેઓની સામે કબજે લીધેલ, તે વખતે તેઓ સાથે બીજા પંચ રાજકુમાર પણ હતા. સાહેદે વધુ પુરાવામાં તેઓને ફુટેલ કારતુસ

બતાવવામાં આવે તો, ઓળખી શકે તેમ જણાવી મુ.આ.નં.૧૩ વાળુ એક ફુટેલ કોપર કારતુસ તેઓની રૂબરૂમાં પંચનામાની વિગતે કબજે લીધેલ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ આંક–૯૨ વાળુ પંચનામું તેઓની હાજરીમાં પંચોના જણાવ્યા મુજબનું ગુનાવાળી જગ્યાએથી મળેલ કોપર ફુટેલ બુલેટ કબજે કર્યાનું પંચનામું હોવાનું જણાવી તેમાં પંચ નં.૨ તરીકે તેઓની તથા પંચ નં.૧ તરીકે બીજા પંચ રાજકુમાર મંડલની સહીઓ હોવાનું ઓળખી બતાવેલ છે. પંચસાહેદની આરોપીઓના વકીલશ્રી દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, વસ્ત્રાપુર લેક ઉપર તેઓની ઢોસાની લારી ચોક્કસ જગ્યાએ ઉભી રાખી ચલાવે છે. તેઓએ કબુલેલ છે કે, જ્યારે પણ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનવાળા તેઓને બોલાવે ત્યારે તેઓ જાય છે અને પોલીસ સ્ટેશને જ્યારે તેઓને જે જગ્યાએ સહી કરવાનું કહે છે ત્યાં તેઓ સહી કરી આપે છે અને તેઓને લખેલી વસ્તુ બતાવવામાં આવે ત્યાં તેઓ સહી કરી આપે છે. જ્યારે આ પંચનામું કરેલ અને આ ફુટેલ કારતુસ કબજે લેવામાં આવેલ ત્યારે તેઓ પાસે મોબાઇલ હતો, તે વખતે તેઓએ પોતાના મોબાઇલથી ફુટેલા કારતુસનો કોઇ ફોટો લીધેલ નહિ. તેઓએ કબુલેલ છે કે, આ ફુટેલા કારતુસને ઓળખવા માટે તેના પર કોઇ ઓળખચિહ્ન કરાયેલ ન હતું અને તેઓ જે જગ્યાએ ગયા ત્યારે પોલીસે તેઓને બતાવેલ કે, આ ફુટેલું કારતુસ છે તે કબજે લેવાનું છે. તેઓએ કબુલેલ છે કે, તેઓને પંચનામું લખાવતા આવડે નહિ.

૧૯.૧ પંચ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓની હાજરીમાં બનાવવાળી જગ્યાએથી એક ફુટેલ કારતુસ મળી આવતા તે તેઓની રૂબરૂમાં કબજે કરવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે ત્યારે તેઓના પુરાવાથી આંક–૯૨ વાળુ પંચનામું પુરવાર થતું હોવાનું ફલિત થાય છે.

(૨૦) ફરિયાદપક્ષ દ્વારા આંક–૯૫ થી પંચ ગોપાલભાઇ શંકરલાલ વચેટાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે તેઓને તા.૨૦/૫/૨૦૧૪ના રોજ ગાયકવાડ હવેલી ક્રાઇમ બ્રાંચની ઓફિસે બોલાવી કહેલ કે, બે આરોપી લાવેલ છે તેમની પાસેથી વસ્તુ કબજે કરવાની છે, જેથી તેઓ પંચમાં રહેલા, તે વખતે ત્યાં બીજા પંચ મંગળભાઇ હાજર હતા, ત્યાં બે આરોપીઓ

પૈકી, એકનું નામ અર્જુનસિંહ અને બીજાનું નામ ગોવિંદસિંહ હતું, ત્યાં તેઓની હાજરીમાં મુદ્દામાલ બે મોબાઇલ, સીમ કાર્ડ, પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ તેમજ અલગ–અલગ કંપનીના પાંચ થી સાત સીમ કાર્ડ પંચનામાની વિગતે કબજે લીધેલ. વધુમાં, તેઓ મુ.આ.નં.૧૫ વાળો માઇક્રોમેક્સ કંપનીનો મોબાઇલ, મુ.આ.નં.૧૬ સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન તથા મુ.આ. નં.૧૭ થી ૨૩ વાળા વોડાફોન, આઇડીયા, એરટેલ તથા યુનિનોર કંપનીના સીમકાર્ડસ તેઓની રૂબરૂમાં કબજે લેવામાં આવેલ હોવાનું જણાવી ઓળખી બતાવે છે તેમજ આરોપી અર્જુનસિંહને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે અને બીજા આરોપી ગોવિંદસિંહ કોર્ટમાં હાજર ન હોઇ, તે અંગે તેઓ કંઇ કહી શકતા નથી પરંતુ, તે આરોપી પાસેથી બે મોબાઇલ, ડ્રાઇવિંગ લાયસન્સ તથા આઇડી પ્રુફ કબજે લીધેલાનું જણાવે છે. તદુપરાંત, તેઓ આંક–૯૬વાળુ પંચનામું આરોપીઓ અર્જુનસિંહ તથા ગોવિંદસિંહની અંગઝડતી દરમ્યાન વસ્તુઓ કબજે લીધેલ હોવાનું જણાવી તેમાં, પંચ નં.૨ તરીકે તેઓની તથા પંચ નં.૧ તરીકે મંગળભાઈની સહી હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ આંક–૧૮૨ વાળા પંચનામામાં પણ ફક્ત પંચ નં.૨ તરીકે તેઓની સહી હોવાનું ઓળખી બતાવી તે સિવાય બીજું કંઇ જાણતા નહિ હોવાનું જણાવેલ છે. આ ઉપરાંત તેઓ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુનાના કામે ક્રાઇમ બ્રાંચની તપાસના કામે એક કાર કબજે લેવાની હોય અને તે બાબતે તેઓ પંચમાં હાજર રહેલ હોય એવું બન્યાનો સ્પષ્ટપણે ઇન્કાર કરે છે. પંચસાહેદની આરોપીઓના વકીલશ્રી દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ કબુલેલ છે કે, પોલીસવાળા સાહેબ પંચનામું લખાવતા હતા અને રાઇટર લખતા હતા અને મુદ્દામાલની દરેક વસ્તુઓ ટેબલ ઉપર પડેલી હતી તે સાહેબે બતાવેલી. તેઓએ કબુલેલ છે કે, તેઓના મોબાઇલમાં તેઓએ પંચનામામાં જણાવેલ મુદ્દામાલનો કોઇ ફોટો પાડેલ નહિ અને તેઓને પો.સ્ટે.એ ચોક્કસ કઇ જગ્યાએ ક્યા રૂમમાં લઇ ગયેલા તે તેઓ કહી શકે નહિ. તેઓએ કબુલેલ છે કે, આરોપીઓને તેઓએ આ પંચનામા પહેલા કોઇ દિવસ ક્યાંય જોયેલ નહિ, સ્વેચ્છાએ જણાવે છે કે, પંચનામાના દિવસે અને પંચનામા વખતે જ જોયેલ હતા. તેઓએ નકારેલ છે કે, પોલીસે તેઓને ફક્ત નામ સરનામું પૂછેલું અને તૈયાર પંચનામામાં સહીઓ લીધેલ હતી. તેઓએ કબુલેલ છે કે પોલીસે ફક્ત તેઓનું નામ,સરનામું પૂછેલું અને પંચનામામાં તેઓની સહી કરાવેલી તે સિવાય તેઓ કંઇ જાણતા નથી. તેઓએ એમ પણ કબુલેલ છે

કે, તેઓને કોર્ટમાં લઇ જઇને તેઓની હાજરીમાં કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નહિ અને તેવી કાર્યવાહી અંગેના કોઇ પંચનામામાં તેઓની સહી કરાવેલી નહિ.

૨૦.૧ પંચ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓની હાજરીમાં આરોપીઓ નામે અર્જુનસિંહ અને ગોવિંદસિંહ પાસેથી બે મોબાઇલ, પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ તેમજ અલગ–અલગ કંપનીના પાંચ થી સાત સીમ કાર્ડ, અંગઝડતી દરમ્યાન મળી આવતા તે પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે ત્યારે આંક–૯૬ વાળુ પંચનામું પુરવાર થતું હોવાનું ફલિત થાય છે.

પંચ સાહેદે ક્રાઇમ બ્રાંચની તપાસના કામે એક કાર કબજે લેવાની હોય અને તે બાબતે તેઓ પંચમાં હાજર રહેલ હોય તેવું બન્યાનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલ છે ત્યારે તેઓના પુરાવાથી આંક–૧૮૨ વાળા પંચનામાની હકિકત પુરવાર થઇ ગયેલ હોવાનું માની લેવું ઉચિત જણાતું નથી.

(૨૧) ફરિયાદપક્ષ દ્વારા આંક–૧૧૮ થી પંચ કૈલાસભાઇ જયંતિભાઇ બોડાણાને તથા આંક–૧૨૧ થી ચિન્ટુ અશોકભાઇ શ્રીમાળીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં પોલીસે તેઓને ક્રાઇમ બ્રાંચની ઓફિસે બોલાવી તૈયાર પંચનામામાં સહીઓ લીધેલ હોવાનું જણાવી તે સિવાય બીજું કાંઇ જાણતા નહિ હોવાનો પુરાવો આપેલ છે તેમજ તેઓને ક્રાઇમ બ્રાંચની ઓફિસે બોલાવી ત્યાં નોંધાયેલ ગુનાના કામે કસ્ટડીમાં રહેલ આરોપી કંઇ કહેવા, બતાવવા માંગતો હોઇ, તેનું પંચનામું કરવા સારૂ તેઓ સ્વેચ્છાએ પંચમાં રહેલા હોય તેવું બનેલ નહિ હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે. સાહેદની આરોપીઓના વકીલશ્રી દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ કબુલેલ છે કે, તેઓએ સહી કરી ત્યારે તેઓ અને પોલીસ સિવાય બીજું કોઇ ન હતું અને તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલ છે અને પોલીસે ફક્ત તેઓનું નામ સરનામું પૂછેલ.

૨૧.૧ પંચ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, પંચ સાહેદોએ આંક–૧૧૯ વાળા પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી ત્યારે તેઓના

પુરાવાથી આંક–૧૧૯ વાળા પંચનામાની હકિકત પુરવાર થઇ ગયેલ હોવાનું માની લેવું ઉચિત જણાતું નથી.

(૨૨) ફરિયાદપક્ષ દ્વારા આંક–૧૮૩ થી હે.કો. રજનીકાંત મોહનભાઇ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૦/૧૧/૨૦૧૩ ના રોજ તેઓ વસ્ત્રાપુર પો.સ્ટે. ખાતે ઇન્વે.સ્કવોડમાં રાત્રે કલાક ૨૦–૦૦ થી સવારના ૦૮–૦૦ વાગ્યા સુધી ફરજ પર હાજર હતા તે દરમ્યાન વસ્ત્રાપુર સંદેશ પ્રેસ રોડ ઉપર ફાયરીંગ થયેલ છે અને ઇજા પામનારને સોલા સિવિલ ખાતે લઇ ગયેલ છે તેવો મેસેજ આવતા તેઓ તથા PSI શ્રી ડી.ડી. ઝાલા સોલા સિવિલ ગયેલા, તે વખતે ત્યાં PI શ્રી એમ.કે. રાણા પણ આવેલા, જ્યાં કાયદેસરની કાર્યવાહી કરેલી અને બીજા દિવસે મરણજનારનું P.M. દરમ્યાન તેઓ ત્યાં હાજર હોય, ડૉકટરશ્રીએ લીધેલા નમુનાઓના બોક્સ તેઓને સોંપતા તે તેઓએ પો.સ્ટે.માં રજુ કરેલા. પોલીસ સાહેદની આરોપીઓના વકીલશ્રી દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ કબુલેલ છે કે, બનાવની માહિતી મળતા તેઓ સોલા સિવિલ હોસ્પિટલ ગયેલા તે દર્શાવતો કોઇ દસ્તાવેજી આધાર આ કામે રજુ થયેલ નથી અને બનાવની રાત્રે તેઓ ફરજ પર હતા તે દર્શાવવા માટે પણ કોઇ દસ્તાવેજી આધાર આ કામે રજુ કરેલ નથી.

૨૨.૧ પોલીસ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ પી.એમ. દરમ્યાન ડોક્ટરશ્રીએ મરણજનારના જે નમુનાઓ લીધેલ તેનું બોક્ષ સોંપતા પો.સ્ટે.માં લાવી પંચનામાની વિગતે રજુ કરેલ હોવાનું ફલિત થાય છે, તેથી વિશેષ કાંઇ નહિ.

(૨૩) ફરિયાદપક્ષ દ્વારા આંક–૧૯૯ થી રાજપાલસિંહ ભગીરથસિંહ રાણાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને ઉપરી અધિકારીની મૌખિક સુચના મળતા તેઓ આ કામના આરોપી અર્જુનસિંહ કિશનસિંહ તથા ગોવિંદસિંહ રાજવીરસિંહને અટક કરવા આગ્રા ખાતે ગયેલા અને ત્યાં તેઓએ આરોપીઓની પ્રાથમિક પૂછપરછ કરી અમદાવાદ ક્રાઇમ બ્રાંચની ઓફીસે લાવી તે વખતના તપાસનીશ અધિકારીશ્રી સરવૈયાને તા.૨૦/૦૫/૨૦૧૪ ના રોજ સોંપેલા.

વધુમાં, તેઓ આરોપી અર્જુનસિંહને કોર્ટમાં ઓળખી બતાવે છે અને આરોપી ગોવિંદસિંહ ભાગેડું હોવાનું જણાવે છે. આ સાહેદની આરોપીના વકીલશ્રી દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ કબુલેલ છે કે તેઓના ઉપરી અધિકારીએ આરોપીઓની તપાસ કરવા જવા માટે કોઇ લેખિત હુકમ આપેલ નથી.

૨૩.૧ પોલીસ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ ઉપરી અધિકારીની સૂચનાથી આગ્રા ખાતે જઇ આરોપી અર્જુનસિંહ કિશનસિંહ તથા ગોવિંદસિંહ રાજવીરસિંહની પ્રાથમિક પૂછપરછ કરી, તેઓને અમદાવાદ ક્રાઇમ બ્રાંચની ઓફિસે લાવી સોંપેલ હોવાનું ફલિત થાય છે, તેથી વિશેષ કાંઇ નહિ.

(૨૪) ફરિયાદપક્ષ દ્વારા આંક–૧૯૩ થી તપાસ કરનાર અધિકારી મયુરધ્વજસિંહ કિશોરસિંહ રાણાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૦/૧૧/૨૦૧૩ ના રોજ તેઓ વસ્ત્રાપુર પો.સ્ટે.માં PI તરીકે ફરજ બજાવતા હતા ત્યારે રાત્રિના પોણાદસ વાગે તેઓને ખબર પડેલ કે,"લાડ સોસાયટીમાં ફાયરીંગ થયેલ છે," જેથી, તેઓ પોલીસ સ્ટાફ સાથે લાડ સોસાયટીમાં ગયેલા અને ત્યાં તપાસ કરતા "મોટરસાયકલ ઉપર આવેલ બે ઇસમોએ ત્યાં પ્રકાશભાઇ સોની ઉપર ફાયરીંગ કરેલ તથા તેમનું મોત નીપજાવેલ", તે મુજબની ફરિયાદ, ફરિયાદી કરૂણાબેન પાર્થભાઇ રસ્તોગીએ લખાવેલી, જેમાં ફરિયાદીએ તથા રૂબરૂમાં તેઓએ સહીઓ કરેલી, ફરિયાદ લીધા બાદ ગુનો રજીસ્ટર થવા સારૂ PSO ને મોકલી આપી આગળની તપાસ તેઓએ સંભાળી લઇ, મરણજનારનું એક્ઝી.મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ ઇન્કવેસ્ટ ભરેલું, લાશને P.M. થવા સારૂ સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપી, ગુનાવાળી જગ્યાનું પંચનામું બે પંચો રૂબરૂ કરેલ, ડૉકટરશ્રીએ P.M. દરમ્યાન લીધેલ નમુનાઓ પો.સ્ટે.માં રજુ થતા બે પંચોની રૂબરૂ પંચનામાંની વિગતે તપાસના કામે કબ્જે કરેલ, બાદ આ કામે ગુનાવાળી જગ્યાએથી ફુટેલ કોપર બુલેટ મળી આવેલ હોય તે પંચોની હાજરીમાં પંચનામાંની વિગતે કબ્જે કરેલ તથા સાહેદ સવિનકુમાર નાયરે રજુ કરેલ કોપર બુલેટ બે પંચોની હાજરીમાં પંચનામાંની વિગતે કબ્જે કરેલ. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તપાસ દરમ્યાન તેઓએ ફરિયાદીનું તથા અન્ય સાહેદોના નિવેદનો લીધેલા તથા તપાસના કામે કબ્જે કરેલ

મુદ્દામાલ એફ.એસ.એલ.માં રવાનગી નોંધથી મોકલી આપી તેની પહોંચ મેળવી કામમાં સામેલ રાખેલ તથા એફ.એસ.એલ. અધિકારીએ સ્થળ તપાસનો જે અભિપ્રાય આપેલ તે કામમાં સામેલ રાખેલ અને સી.ડી.આર.ની માહિતી મંગાવવાનું ફોર્મ મેળવી કામમાં સામેલ રાખેલાનું જણાવી મુ.આ.નં.૧ થી ૧૦ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવી આગળની વધુ તપાસ ક્રાઇમ બ્રાંચને સોંપવામાં આવેલાનું જણાવે છે. તપાસનીશ અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૯૪ થી ચાર્જ અમલદારનો રિપોર્ટ, આંક–૮૩ થી ઇન્કવેસ્ટ પંચનામું, આંક–૬૩ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૮૦ થી મરણજનારના નમુના કબજે કર્યાનું પંચનામું, આંક–૯૨ થી ગુનાવાળી જગ્યાએથી ફુટેલ કોપર બુલેટ કબજે કર્યાનું પંચનામું, આંક–૮૭ થી સાહેદ સચિનકુમારે રજુ કરેલ કોપર બુલેટ કબજે કર્યાનું પંચનામું, આંક–૧૯૫ થી એફ.એસ.એલ.અધિકારીનો સ્થળતપાસનો અહેવાલ, આંક–૧૯૬, ૧૯૭, ૧૯૮ થી મુદ્દામાલ રવાનગી ફોર્મ, સીડીઆરની માહિતી મેળવવાનું ફોર્મ અને એફ.એસ.એલ.ની પહોંચ રજુ હોવાનું જણાવેલ છે. તપાસનીશ અધિકારીની આરોપીઓના વકીલશ્રી દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ કબુલેલ છે કે, બનાવવાળી જગ્યા જાહેર રસ્તા ઉપર આવેલ હતી અને ત્યાં આજુબાજુ ઓફીસો અને દુકાનો આવેલ છે. તેઓએ કબુલેલ છે કે, આક–૧૭૨ વાળી ફરિયાદમાં આરોપીઓના કોઇ નામ–સરનામાં જણાવેલ નથી. તેઓએ નકારેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન તેઓએ અગાઉથી તૈયાર કરેલ પંચનામાં ઉપર પો.સ્ટે.માં પંચોની સહીઓ લઇ લીધેલી. તેઓએ કબુલેલ છે કે, ગુનાવાળી જગ્યાની આસપાસના સી.સી.ટી.વી. ફુટેજ તેઓએ તપાસ દરમ્યાન કબજે કરેલ નથી. તેઓએ નકારેલ છે કે, સાહેદોના નિવેદનો તેઓએ મુનસફી પ્રમાણે નોંધી લીધેલ અને કામગીરી બતાવવા સારૂ ખોટા પંચનામાઓ કરી તપાસના કામે સામેલ રાખેલ છે. તેઓએ કબુલેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન કોઇ પણ આરોપીઓના નામો ખુલેલા નહી.

૨૪.૧ પોલીસ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ ફરિયાદીની ફરિયાદ લખી લઇ, સદર ફરિયાદ ગુનો રજીસ્ટર્ડ કરવા PSO ને મોકલેલ હોવાનું ફલિત થાય છે તેમજ તપાસના કામે ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીનો ચિતાર રજુ કરેલ હોવાનું પણ ફલિત થાય છે. પોલીસ સાહેદે ઉલટતપાસમાં આંક–૧૭૨ વાળી

ફરિયાદમાં આરોપીઓના કોઇ નામ સરનામા જણાવેલ ન હોવાનું કબુલેલ છે અને તેઓ સમક્ષની તપાસ દરમ્યાન કોઈપણ આરોપીઓના નામ ખૂલેલા ન હોવાનું પણ કબુલેલ છે ત્યારે તેઓના પુરાવાથી ફરિયાદપક્ષને ફળદાયી થાય તેવી કોઇ હકિકત રેકર્ડ ઉપર આવતી હોય, તેવું જણાઇ આવતું નથી.

(૨૫) ફરિયાદપક્ષ દ્વારા આંક-૨૦૦ થી તપાસ કરનાર અધિકારી, ભરતસિંહ દિપસિંહ જાડેજાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૦/૩/૨૦૧૫ ના રોજ તેઓ PI, SOG, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા ત્યારે નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદના લેખિત હુકમથી વસ્ત્રાપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૪૩૪/૨૦૧૩, ઇ.પી.કો. કલમ-૩૦૨, ૩૯૨, ૩૯૭, ૧૨૦(બી) તથા આર્મ્સ એક્ટની કલમ-૨૫(૧)એએ, ૨૫(બી) મુજબ ગુનાની તપાસ તેઓને સુપ્રત થતા તેઓએ તપાસ સંભાળી લઇ, આ કામના આરોપીઓ વિશાલ ઉર્ફે વિજય ઉર્ફે અરવિંદ જૈન ઉર્ફે પ્રશાંત s/o રામેશ્વરપુરી ગોસ્વામી તેમજ રીન્કુ ઉર્ફે રાજ ઉર્ફે રાજવીર s/o ભગવાનગીરી ગોસ્વામીનો અમદાવાદ મેટ્રો કોર્ટ નં.૧૧ થી કબ્જો લઇ આ ગુનાના કામે બે પંચો રૂબરૂ આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું કરી તેઓને અટક કરેલા અને આરોપીઓને અટક કરતી વખતે તેમની પાસેથી મળી આવેલ મુદ્દામાલ બ્રાઉન કલરનું રેગ્ઝીનનું પર્સ તથા તેની સાથેના ૨૩ મુદ્દામાલ આર્ટીકલ્સ PI શ્રી ઝાલાએ રજુ કરતા તે પંચનામાંની વિગતે પંચોની હાજરીમાં કબ્જે કરેલ અને તેની મુદ્દામાલ રજીસ્ટરમાં નોંધ કરી પાવતી ફાડેલ, બાદ બન્ને આરોપીઓ બનાવવાળી જગ્યા બતાવવા માંગતા હોઇ બે પંચોને બોલાવી આરોપીઓના જણાવ્યા મુજબ બનાવવાળી જગ્યાનું વિગતવાર ડેમોન્સ્ટ્રેશન પંચનામું પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલું તથા આરોપીઓ હોટલ એપ્સીલોન ખાતે રોકાયેલ તેના મેનેજરશ્રી જાફરભાઇ તેમજ સીમકાર્ડ આપનાર અલ્પેશભાઇ તથા વી.એસ.હોસ્પિટલના સીક્યુરીટી સુપરવાઇઝર અરવિંદભાઇ વિગેરે સાહેદોના નિવેદનો લીધેલા તથા સાહેદો દ્વારા ઓળખપરેડ કરાવવા માટે તજવીજ કરી, આરોપીઓ વિશાલ ઉર્ફે વિજય તથા રીન્કુ ઉર્ફે રાજ ઉર્ફે રાજવીરની અલગ-અલગ ઓળખપરેડ કરાવવામાં આવેલ. તેઓએ વધુમાં જણાવેલ છે કે, આ અગાઉ નવરંગપુરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૪૨/૨૦૧૫ ના કામે બે પિસ્ટલ PI શ્રી રઘુવંશીએ કબ્જે કરેલ હોય

અને આ ગુનાના કામે કબ્જે લેવાયેલ ૯ mm ના જીવતા તથા ફુટેલા કાર્ટીઝ તથા એક ૯ mm નું ખાલી મેગ્ઝીન તેઓએ એફ.એસ.એલ.માં રિપોર્ટ સાથે પરિક્ષણ અર્થે મોકલી આપેલ તથા આ કામે આર્મ્સ એક્ટની કલમ–૩૯ મુજબની મંજૂરી મેળવવા માટે નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમબ્રાંચ, અમદાવાદને રિપોર્ટ કરેલ હોવાનું જણાવી નામ.કોર્ટમાં આરોપી વિજયને સાબરમતી સેન્ટ્રલ જેલના વી.સી.માં હાજર હોઇ ઓળખી બતાવે છે તથા આરોપી રીન્કુ અન્ય ગુનામાં મધ્યપ્રદેશની શિવપુરી જેલમાં હોઇ હાજર નહિ હોવાનું જણાવે છે. તપાસનીશ અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આંક– ૧૬૭ થી આરોપી વિજય ઉર્ફે વિશાલ ગોસ્વામી પાસેથી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું, આંક–૧૬૮ થી આરોપી વિજય ઉર્ફે વિશાલ જૈનનું તથા રીન્કુ ઉર્ફે રાજવીર ગોસ્વામીની શરીરસ્થિતિનું પંચનામું, આંક–૨૦૧ થી આરોપી વિજયે બતાવ્યા મુજબનું ડેમોસ્ટ્રેશન પંચનામું તથા આંક–૨૦૨ થી મુદ્દામાલ F.S.L.માં મોકલ્યાની રવાનગી નોંધ રજુ હોવાનું જણાવેલ છે. તપાસનીશ અધિકારીની આરોપીઓના વકીલશ્રી દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે, જેમાં તેઓએ કબુલેલ છે કે, તેઓએ હાલના કામે આરોપીઓ વિજય અને રીન્કુને અટક કરેલ, જેઓ તે સમયે અન્ય ગુનાના કામે અટક કરવામાં આવેલ હતા. તેઓએ નકારેલ છે કે, આંક–૧૬૭ અને ૧૬૮ વાળા પંચનામાં તેઓએ તપાસના કામે ઉભા કરેલ હતા અને સદર પંચનામામાં પંચનામાં કર્યાની તારીખ જણાવેલ છે તે ખોટી જણાવેલ છે અને આરોપીઓના બતાવ્યા મુજબની જગ્યાનું ડેમોન્સ્ટ્રેશન પંચનામું કરેલ હોવાની હકીકત તેઓ ખોટી જણાવે છે અને આંક–૧૫૮, આંક–૧૫૯ વાળા ઓળખપરેડના પંચનામાં નિયમ મુજબ કરેલ નથી. તેઓએ નકારેલ છે કે, જે સાહેદો પાસે ઓળખપરેડ પંચનામા દરમ્યાન આરોપીઓની ઓળખ કરાવેલી તે આરોપીઓને સદરના સાહેદોને અગાઉથી બતાવી દીધેલા હતા. તેઓએ કબુલેલ છે કે, એપ્સીલોન હોટલ, હોસ્પિટલ અને સીમ કાર્ડ ખરીદેલ તે દુકાનના કોઇ સી.સી.ટી.વી. ફુટેજ તેઓએ તપાસ દરમ્યાન કબ્જે કરેલ નથી. તેઓએ નકારેલ છે કે, તેઓએ મુદ્દામાલ આર્ટીકલ્સ ખોટી રીતે ઓળખી બતાવેલ છે અને આરોપીઓ વિજય તથા રીન્કુ વિરૂધ્ધ કોઇપણ પ્રકારના પુરાવા મળી આવેલ ન હોવા છતાં તેઓએ ખોટી તપાસ કરી, ખોટા પંચનામાં કરેલ છે અને સાહેદોના ખોટા નિવેદનો લીધેલ છે.

૨૫.૧ તપાસનીશ અધિકારીશ્રીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીનો ચિતાર રજુ કરી આરોપી વિજય ઉર્ફે વિશાલ ગોસ્વામી પાસેથી પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલ હોવાનું તેમજ આરોપી વિજય ઉર્ફે વિશાલ જૈન તથા રીન્કુ ઉર્ફે રાજવીર ગોસ્વામીની શરીરસ્થિતિનું પંચનામું કરેલ હોવાનું ફલિત થાય છે.

(૨૬) ફરિયાદપક્ષ દ્વારા આંક–૨૦૪ થી તપાસ કરનાર અધિકારી, જયદીપસિંહ હરવિજયસિંહ સરવૈયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૦/૫/૨૦૧૪ના રોજ તેઓ ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ ખાતે PI તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન PI શ્રી રાણા અને તેમની ટીમ અર્જુનસિંહ કિશનસિંહ જાદોન તથા ગોવિંદસિંહ ઉર્ફે ગોવિંદા સિકરવારને આ ગુનાના કામે આગ્રાથી પકડી લાવી, તેઓને સોંપતા તેઓએ બે પંચોને બોલાવી આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું કરેલ તથા આરોપી અર્જુનસિંહ પાસેથી માઇક્રોમેક્સ અને સેમસંગના મોબાઇલ તથા પાંચ થી સાત જેટલા સીમકાર્ડ વિગેરે કબ્જે કરેલ તથા આરોપી ગોવિંદસિંહ પાસેથી નોકીયા અને સેમસંગ કંપનીના મોબાઇલ, સીમ કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, આધાર કાર્ડ વિગેરે કબ્જે લઇ, આરોપીઓને કલાકઃ ૧૭–૧૫ વાગે ધોરણસર અટક કરેલ. તેઓએ વધુમાં જણાવેલ છે કે, આરોપી અર્જુનસિંહ તથા આરોપી ગોવિંદસિંહ આ ગુનાના કામે કંઇક કહેવા અને બતાવવા માંગતા હોય, તેઓએ બે પંચોને બોલાવી અરસપરસ ઝડતી કરી તેઓ, પોલીસ તથા પંચો આરોપીઓએ બતાવ્યા મુજબની જગ્યાએ જઇ પંચનામું કરેલું, બાદ આ ગુનામાં વપરાયેલ પોલો કાર જે આરોપી અર્જુનસિંહના નામે હોય, તે કાર તેમના સગા ભરતસિંહે ક્રાઇમ બ્રાંચમાં રજુ કરતા બે પંચોને બોલાવી પંચનામાંની વિગતે કબ્જે કરેલ, તા.૨૬/૫/૨૦૧૪ના રોજ આ કામના આરોપી મનીષ ગોસ્વામીને બે પંચોની રૂબરૂમાં અટક કરેલ તથા તા.૨૯/૫/૨૦૧૪ના રોજ આ ત્રણેય આરોપીઓની ઓળખપરેડ કરાવેલ, બાદ તા.૩૦/૫/૨૦૧૪ ના રોજ ત્રણેય આરોપીઓને સાથે લઇ તેઓએ ગુના સંબંધે કંઇક બતાવવા માંગતા હોય, બે પંચોને બોલાવી પ્રાથમિક પંચનામું પો.સ્ટે.માં કરી આરોપીઓએ બતાવેલ જગ્યાએ જઇ તે જગ્યાનું પંચનામું કરેલ, આરોપી મનીષ ગોસ્વામી ગુનાના કામે કંઇક કહેવા અને બતાવવા માંગતા હોય તેઓએ બે પંચો

બોલાવી પ્રાથમિક પંચનામું કરી, આરોપીએ બતાવેલ જગ્યાએ જઇ તે જગ્યાનું પંચનામું કરેલ, તપાસના કામે સાહેદોના નિવેદનો લીધેલા, કબ્જે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ. ખાતે મોકલી આપેલ, એફ.એસ.એલ.માંથી તપાસ થયા બાદ મુદ્દામાલ પરત આવતા તે કામમાં સામેલ રાખેલાનું જણાવી તેઓએ કબ્જે કરેલ મુદ્દામાલ ઓળખી બતાવે છે તથા PSI શ્રી વડીયાએ આરોપી વિજય ઉર્ફે અરવિંદ ઉર્ફે પ્રશાંત ઉર્ફે આકાશ શર્મા ઉર્ફે વિશાલ ગોસ્વામી અને રિન્કુ ઉર્ફે રાજ ઉર્ફે રાજવીર ગોસ્વામી વિરૂઘ્ધ ચાર્જશીટ કરેલાનું જણાવે છે અને આ કામે ત્રણેય આરોપીઓ વિરૂઘ્ધ તેઓએ પુરતો પુરાવો હોઇ સમયમર્યાદામાં નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલાનું જણાવે છે પરંતુ, આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર હોય તો ઘણો સમય થયેલ હોઇ તેમને ઓળખી શકે નહી તેમ જણાવેલ છે. તપાસનીશ અધિકારીશ્રીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૯૬ થી આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું, આંક–૧૧૯ થી આરોપી અર્જુનસિંહે બતાવ્યા મુજબ જગ્યાનું પંચનામું તથા અને આંક–૨૦૫ થી આરોપી ગોવિંદસિંહે બતાવ્યા મુજબની જગ્યાનું પંચનામું, આંક–૧૮૨ થી ગુનામાં વપરાયેલ પોલો કાર કબજે કર્યાનું પંચનામું, આંક–૧૩૮ થી આરોપીઓની ઓળખપરેડનું પંચનામું, આંક–૨૦૭ થી આરોપી મનીષ ગોસ્વામીએ બતાવ્યા મુજબની જગ્યાનું પંચનામું, આંક–૨૦૮ થી ૨૧૨ સુધીના એફ.એસ.એલ.ના મુદ્દામાલ પરિક્ષણ અહેવાલો, આંક–૨૧૩ થી આરોપીઓ જે હોટલમાં રોકાયેલા તેના રજીસ્ટરના ઉતારા તથા આંક–૨૧૪ અને ૨૧૫ થી મેડીકલ ઓફીસરશ્રીએ F.S.L. અધિકારીને આપેલ રિપોર્ટ તથા બનાવવાળી જગ્યાનો નકશો રજુ હોવાનું જણાવેલ છે. તપાસનીશ અધિકારીની આરોપીઓના વકીલશ્રી દ્વારા **ઉલટતપાસ** કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીઓ આંતરરાજ્ય ગુનેગારો હોવાના કારણે ગુનાની તપાસ ક્રાઇમ બ્રાંચને સોંપવામાં આવેલી હતી. તેઓએ કબુલેલ છે કે, હાલના ગુનાની ફરિયાદમાં આરોપીઓના નામ,સરનામા જણાવેલા ન હતા. તેઓએ કબુલેલ છે કે, સદર ગુનાના કામે ગુનાવાળી જગ્યા તથા તેની આસપાસના વિસ્તારના સી.સી.ટી.વી. ફુટેજ તથા મરણજનારની દુકાન અને તેની આસપાસના વિસ્તારના સી.સી.ટીવી.ફુટેજ મેળવી તપાસના કામે સામેલ રાખેલ નથી. તેઓએ કબુલ રાખેલ છે કે મરણજનારની દુકાનથી મરણજનારના ઘર સુધીના વિસ્તારના સી.સી.ટી.વી. ફુટેજ તેમજ વી.એસ. હોસ્પિટલના સી.સી.ટી.વી. ફુટેજ મેળવી તપાસના કામે સામેલ રાખેલ નથી. સ્વેચ્છાએ જણાવે છે કે,

આરોપીઓ બનાવના એક વર્ષ પછી પકડાયેલા જ્યારે સી.સી.ટી.વી. ફુટેજના સ્ટૉરેજની સમયમર્યાદા ૬૦ દિવસની હોવાના કારણે તેવા સી.સી.ટી.વી. ફુટેજ અસ્તિત્વમાં ન હોવાથી કબ્જે કરી શકાયેલ નહી. તેઓએ કબુલેલ છે કે, આરોપીઓ પોલો કાર લઇને આગ્રાથી અમદાવાદ આવેલા હોવાનું તપાસમાં ખુલેલું પરંતુ, વચ્ચે આવતા ટોલ બુથ ખાતેની ટોલ ટેક્સ ભર્યાની રસીદો તેઓએ તપાસના કામે કબ્જે કરેલ નથી. સ્વેચ્છાએ જણાવે છે કે બનાવ બાદ આરોપીઓ લાંબા સમય બાદ પકડાયેલ હોઇ તેવી રસીદો કબ્જે કરી શકાયેલ નહી. તેઓએ નકારેલ છે કે, આરોપીઓ વિરૂધ્ધ પુરાવો ન હોવાના કારણે તેઓએ સી.સી.ટી.વી. ફુટેજ તથા ટોલ ટેક્ષની રસીદો તપાસના કામે કબ્જે કરેલ નહી. તેઓએ કબુલેલ છે કે, આ કામે તેઓએ લોગ બુકના ઉતારાની નકલ રજુ કરેલ નથી. તેઓએ નકારેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં પંચોની ફક્ત સહીઓ લીધેલ અને સાહેદોના નિવેદનો તેઓએ જાતે લખી લીધેલા છે અને કામગીરી બતાવવા સારૂ આરોપીઓને ખોટી રીતે ગુનામાં સંડોવી તેઓ વિરૂધ્ધ પુરતા પુરાવા વિના ખોટુ ચાર્જશીટ કરેલ છે. તેઓએ નકારેલ છે કે, આરોપીઓ દ્ધારા કોઈ જગ્યા બતાવવામાં આવેલ નથી. તેઓએ નકારેલ છે કે, આરોપી મનીષ ગોસ્વામીની પંચો રૂબરૂ અટક કરેલાની હકીકત તેઓ ખોટી જણાવે છે. તેઓએ નકારેલ છે કે, તેઓએ આ કામે કોઈ મુદ્દામાલ FSL માં તપાસ માટે મોકલાવેલ નહી અને FSL અધિકારીએ મોકલાવેલ અહેવાલ, તેઓના કહ્યા મુજબ ફરિયાદ તથા તપાસને અનુરૂપ તૈયાર કરીને મોકલાવવામાં આવેલ.

૨૬.૧ તપાસનીશ અધિકારીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ ફરજના ભાગરૂપે કરેલ તપાસની કાર્યવાહીનો ચિતાર રજુ કરી આરોપી અર્જુનસિંહ કિશનસિંહ જાદોન તથા ગોવિંદસિંહ ઉર્ફે ગોવિંદા સિકરવારને અટક કરી તેઓની શરીરસ્થિતિનું પંચનામું કરેલ હોવાનું તેમજ મુદ્દામાલ કબજે કરેલ હોવાનું તેમજ મુદ્દામાલ કાર કબજે કરેલ હોવાનું ફલિત થાય છે.

તપાસનીશ અધિકારીએ જે તે આરોપીઓની ઓળખપરેડ કરાવેલ હોવાનું જણાઇ આવે છે પરંતુ, જે સાહેદો મારફતે ઓળખપરેડ કરાવવામાં આવેલ છે તેવા કોઇ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને સદર સાહેદો આરોપીઓને કઇ રીતે ઓળખે છે

તેવી કોઇ હકિકત રેકર્ડ ઉપર સ્પષ્ટ રીતે આવેલ નથી ત્યારે ઓળખપરેડની હકિકત માની લેવી ઉચિત જણાતું નથી. તપાસનીશ અધિકારીએ પુરાવા દરમ્યાન એફ.એસ.એલ.નો જે મુદ્દામાલનો પરિક્ષણ અહેવાલ રજુ કરેલ છે તે જોતાં, સાયન્ટીફીક પુરાવો બનાવ હકિકતને મદદરૂપ થતો હોવાનું જણાઇ આવે છે પરંતુ, તેના થકી આરોપીઓએ જ મરણજનાર ઉપર ફાયરીંગ કરેલ હોવાનું જણાઇ આવતું નથી. તપાસનીશ અધિકારીએ પુરાવા દરમ્યાન આરોપીઓ જે હોટલમાં રોકાયેલા તેના રજીસ્ટરના ઉતારા રજુ કરેલ છે તે જોતાં ફક્ત–ને–માત્ર આરોપીઓ જે તે હોટલમાં રોકાયેલ હોવાનું જણાઇ આવે છે, તેથી વિશેષ કાંઇ નહિ.

તપાસનીશ અધિકારીએ ઉલટતપાસમાં ગુનાની ફરિયાદમાં આરોપીઓના નામ, સરનામા જણાવેલ ન હોવાનું સ્વીકારેલ છે ત્યારે પણ ફરિયાદી આરોપીઓ વિશે કશું જાણતા ન હોવાનું ફલિત થાય છે. તપાસનીશ અધિકારીએ આરોપીઓ પાસેથી જે મોબાઇલ તથા સીમ કાર્ડ મળી આવેલ હોવાની હકિકત જણાવેલ છે તે સબબ જોવામાં આવે તો, જે તે મોબાઇલનો ઉપયોગ આરોપીઓ કરતા હોય અને જે તે મોબાઇલ આરોપીઓના નામે હોય અને જે તે સીમ કાર્ડ આરોપીઓના નામે હોય, તેવો કોઇ દસ્તાવેજી આધાર પુરાવો રેકર્ડ ઉપર રજુ નથી કે કોઇ કોલ ડીટેઇલ્સ રજુ નથી ત્યારે જે તે મોબાઇલ અને સીમ કાર્ડ આરોપીઓના નામે જ હોવાનું અને સદર મોબાઇલ તથા સીમ કાર્ડનો ઉપયોગ આરોપીઓ જ કરતા હોવાનું માની લેવું ઉચિત જણાતું નથી.

(૨૭) આમ ઉપરોક્ત કરેલ વિગતે ચર્ચા મુજબ ફરિયાદીએ આરોપીઓને ઓળખી બતાવેલ નથી કે બનાવ સ્થળે તેઓ હાજર હોય તેવી કોઇ હકિકત જણાવેલ નથી, ફરિયાદ નામજોગ નથી, ફરિયાદીએ જે હકિકત જણાવેલ છે તે તેઓની દીકરીએ કહેતા જાણેલ હોવાનું કહેલ છે અને સદર બાબતે ફરિયાદીની દીકરીને તપાસવામાં આવેલ નથી, બનાવ નજરે જોનાર સાહેદે આરોપીઓને ઓળખી બતાવેલ નથી, ફરિયાદી તથા બનાવ નજરે જોનાર સાહેદ થકી આરોપીઓની કોઇ ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી, મોટા ભાગના પંચોએ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી, પંચોએ જે તે પંચનામાની હકિકતને સુસંગત હકિકતો જણાવેલ છે તે પંચનામા થકી ગુનાના કામે આરોપીઓની સ્પષ્ટ સંડોવણી થતી હોય તેવું જણાઇ

આવતું નથી, સાયન્ટીફીક પુરાવાથી બનાવ હકિકતને સમર્થન પ્રાપ્ત થાય છે પરંતુ, તેના થકી આરોપીઓએ જ મરણજનાર ઉપર ફાયરીંગ કરેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી, આરોપીઓએ કોઇ ગુનાહિત કાવતરૂ રચેલ હોય તેવી પણ સ્પષ્ટ હકિકતો રેકર્ડ ઉપર આવેલ નથી, આરોપીઓને કોઇપણ સાહેદોએ ઓળખી બતાવેલ નથી, આરોપીઓની ગુના સ્થળે હાજરી પ્રસ્થાપિત થતી નથી, પોલીસ સાહેદ તથા તપાસનીશ અધિકારીના પુરાવાથી આરોપીઓની ગુનાના કામે સંડોવણી પ્રસ્થાપિત થતી નથી તેમજ જે તે મોબાઇલ તથા સીમ કાર્ડનો ઉપયોગ આરોપીઓ જ કરતા હોવા સબબનો કોઇ દસ્તાવેજી આધાર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે કોઇ સી.ડી.આર. રેકર્ડ ઉપર રજુ થયેલ નથી ત્યારે આરોપીઓએ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે તથા નહિ પકડાયેલ આરોપી જીતેન્દ્ર નાઓએ સાથે મળી, એકબીજાની મદદગારીમાં આગ્રા તથા મધ્યપ્રદેશથી અમદાવાદ શહેરમાં સોનાચાંદીનો ધંધો કરતા સોનાના વેપારીઓની લૂંટ કરવાના ઇરાદે આરોપી નં.૩ વિજય ઉર્ફે અરવિંદે,નહિ પકડાયેલ આરોપી વિશંભર પાસેથી ગેરકાયદેસરની બે પિસ્તોલ તથા જીવતા કારતુસ મેળવી પોતાની પોલો કાર નં.UP80–BQ4015 માં અમદાવાદ ખાતે આવી કાર વી.એસ. હોસ્પિટલના પાર્કીંગમાં પાર્ક કરી, હોટલ ઉન્નતિ, એપ્સીલોન, મારૂતી, શિકાગો જેવી અલગઅલગ હોટલોમાં રોકાઇ અમદાવાદથી ચોરી કરેલ બજાજ પલ્સર મોટરસાયકલ ઉપર સોનીના ધંધાના સ્થળે વોચ કરી સોનીને ટાર્ગેટ કરી, હોટલમાંથી ચેક આઉટ લઇ વી.એસ.હોસ્પિટલ ખાતે ગુનાને અંજામ આપવાનું ગુનાહિત કાવતરૂ રચી તે અનુસંધાને તમો આરોપીઓએ, કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે તથા નાસતાફરતા આરોપી જીતેન્દ્રએ એકબીજાની સહમતિ સાધી, આ કામે મરણજનાર પ્રકાશભાઇ સોનીના સી.જી. રોડ ખાતે આવેલ સોની માધવલાલ એન્ડ વશરામભાઇ એન્ડ સન્સના શો–રૂમની આસપાસ રેકી કરી, મરણજનાર રાત્રે શો–રૂમથી ઘરે જવા–આવવાના સમયની તથા રસ્તાની માહિતી મેળવી ખોટા આઇ.ડી. પ્રુફ આધારે સીમ કાર્ડ લઇ તેનો ઉપયોગ મરણજનારનો પીછો કરવામાં કરી, તા.૨૦/૧૧/૨૦૧૩ ના રોજ કલાકઃ ૨૦–૧૫ વાગે મરણજનાર પ્રકાશભાઇ સોની તેઓના શો–રૂમથી તેઓની સાથે મુંબઇના ગ્રાહકોની વસ્તુઓ સોનાની ૩૨ ગ્રામની બંગડી નંગ–૨, ૨૦ ગ્રામની ચેન નંગ–૨, એક ગ્રામ ડાયમંડની નથ–૧, સોનાની બંગડીઓ દસ–દસ ગ્રામની નંગ–૭, ૫૦ ગ્રામની ચાંદીની લગડી

તથા સેમસંગનું લેપટોપ, પાસપોર્ટ નં.૭૭૭૪૩૩૩ તથા HDFC/SBI/Standard Charterd બેંકના ક્રેડીટ કાર્ડ તથા સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન વિગેરે આશરે કિંમત રૂા.૨,૦૦,૦૦૦/-ની મત્તાની ચીજવસ્તુઓ એક બેગમાં લઈ પોતાની સ્કોર્પીયો કાર નં.GJ01-HJ 1701 માં બેસી પોતે ચલાવી તેઓના ગ્રાહક કે જે બોડકદેવ, સંદેશ પ્રેસ રોડ ઉપર આવેલી લાડ સોસાયટીના મકાન નં.બી/૨૨ માં રહેતા ફરિયાદી કરૂણાબેન w/o પાર્થભાઈ રસ્તોગીના ઘરે જવા નીકળેલા તે વખતે આરોપી નં.૧ અર્જુનસિંહ, આરોપી નં.૨ મનિષ તથા આરોપી નં.૪ રીન્કુ ઉર્ફે રાજનાઓ ત્યાં વોચમાં હાજર હોય, આરોપી નં.૧ અર્જુનસિંહે તેની જાણ મોબાઇલથી આરોપી નં.૩ વિજય ઉર્ફે અરવિંદ જૈનને કરતા તેઓએ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે નાસતાફરતા આરોપી રામખત્યાર પંપોલા પાસેથી મેળવેલ બે પિસ્તોલો પૈકીની, એક-એક પોતાની પાસે રાખી, ચોરી કરેલ પલ્સર મોટરસાયકલ ઉપર મરણજનાર સોનીનો પીછો કરી, આશરે કલાકઃ૨૧-૧૫ વાગ્યે લાડ સોસાયટી ખાતેના મકાન નં.બી/૨૨ સામે કોમન રોડ ઉપર મરણજનારે પોતાની સ્કોર્પીયો ગાડી ઉભી રાખી, ફરિયાદીના ઘરે જવા ગાડીમાંથી નીચે ઉતરી પાછળની સીટમાં રાખેલ સોનાચાંદીના ઘરેણા ભરેલ થેલો દરવાજો ખોલી લેવા જતા મોટરસાયકલ પર તેઓનો પીછો કરતા આરોપી નં.૩ વિજય ઉર્ફે અરવિંદ અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે સોના ચાંદીના ઘરેણાં ભરેલ થેલાની લૂંટ કરવા જતા મરણજનાર પ્રકાશભાઈએ તેનો પ્રતિકાર કરતા બન્ને આરોપીઓએ પોતાની પાસેની ગેરકાયદેસરની પિસ્તોલમાંથી મરણજનાર પ્રકાશભાઇ ઉપર ફાયરીંગ કરી, જીવલેણ ઈજા પહોંચાડી તેઓનું મોત નિપજાવી સોનાચાંદીના ઘરેણાં તેમજ ચીજવસ્તુ લઈ આશરે કિંમત રૂા.૨,૦૦,૦૦૦/-ની મત્તાનો મુદ્દામાલની લૂંટ કરી, નાસી જઈ, લૂંટમાં મેળવેલ સોનાચાંદીના ઘરેણાં બન્ને આરોપીઓએ નહિ પકડાયેલ આરોપી રાજેશકુમાર વર્માને વેચાણ આપતા તે સોનાચાંદીનો મુદ્દામાલ લૂંટનો મુદ્દામાલ હોવાનું જાણવા છતાં, તેઓએ વેચાણ રાખી તેમજ નહિ પકડાયેલ આરોપી વિશંભર ગોસ્વામીએ,આરોપી નં.૩ વિજય ઉર્ફે અરવિંદે ગુનામાં વપરાયેલ પિસ્તોલ હોવાનું જાણવા છતાં, રાખી લઈ તપાસ દરમ્યાન આરોપી નં.૩ વિજય ઉર્ફે અરવિંદ તથા આરોપી નં.૪ રીંકુ ઉર્ફે રાજ ઉર્ફે રાજવીરનાઓ પકડાઈ જઈ, તે રીતે તમો આરોપીઓએ એકબીજાની સહમતિ સાધી મરણજનારનું ખૂન કરી, લૂંટનો ગુનો આચરેલ હોવાનું

ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ, આરોપીઓને તેઓની વિરૂદ્ધના ગુના સાથે સાંકળી શકાય તેમ ન હોઇ, મુદ્દા નં.૨ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબ આખરી હુકમ ફરમાવું છું.

## // <u>આ ખ રી હુ ક મ</u> //

**।૧।** સેશન્સ કેસ નં.**૧૧૪/૨૦૧૬**ના આરોપી નં.(૧) અર્જુનસિંહ S/o કિશનસિંહ રતનસિંહ જાદોન(ઠાકોર) તથા આરોપી નં.(૨) મનિષ S/o શ્રીનિવાસ ગોસ્વામી તથા સેશન્સ કેસ નં.**૨૮૬/૨૦૧૭** ના આરોપી નં.(૩) વિજય @ અરવિંદ જૈન @ પ્રશાંત @ આકાશ શર્મા @ વિશાલ S/o રામેશ્વરપુરી ગોસ્વામી તથા આરોપી નં.(૪) રીન્કુ ઉર્ફે રાજ ઉર્ફે રાજવીર ઉર્ફે રામવીર ઉર્ફે રાજેશ S/o ભગવાનગીરી ગોસ્વામી નાઓને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે તેઓની વિરૂધ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૯૨, ૩૯૭, ૧૨૦(બી), ૪૧૧ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧)(એ)(એ), ૨૫(બી), ૨૭(૩) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**।૨।** સેશન્સ કેસ નં.૧૧૪/૨૦૧૬ ના આરોપી નં.૧ અર્જુનસિંહ કિશનસિંહ જાદોન તથા આરોપી નં.૨ મનીષ શ્રીનિવાસ ગોસ્વામીનાઓ આ ગુનાના કામે જામીન ઉપર મુક્ત હોઇ, તેઓના જામીનદારોને આ ગુના પૂરતા જામીનગીરીમાંથી મુક્ત કરવામાં આવે છે તથા સેશન્સ કેસ નં.૨૮૬/૨૦૧૭ ના આરોપીઓ આ ગુનાના કામે જ્યુડીશિયલ કસ્ટડીમાં હોય, તેઓની અન્ય કોઇ ગુનામાં અટક ન હોય તો, તેઓને ફક્ત આ ગુનાના કામે જેલ મુક્ત કરવા જેલ સત્તાધિકારીને યાદી કરવા હુકમ કરવામાં આવે છે.

**।૩।** આરોપીઓ વિરૂધ્ધના ગુનાના કામે જો, અપીલ થાય તો, અપીલ અદાલતમાં આરોપીની હાજરી સિક્યોર કરવા માટે ક્રિ.પ્રો. કોડની કલમ–૪૩૭ મુજબ પ્રત્યેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસહજાર પુરા)ના જામીન રજુ કરવા, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે તેવો હુકમ કરવામાં આવે છે.

।४। આ કામના અન્ય આરોપીઓ નાસતા–ફરતા હોઈ, આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ તમામ મુદ્દામાલ યથાવત પરિસ્થિતિમાં જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

।૫। સદર સંયુક્ત ચુકાદાની એક નકલ સેશન્સ કેસ નંબરઃ ૨૮૬/૨૦૧૭ ના કામમાં સામેલ રાખવી.

સદર હુકમ આજ તા.૨૯, માહે–ઓગષ્ટ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૦૮/૨૦૨૫
સિટી સેશન્સ કોર્ટ.

(હેમાંગ આર. રાવલ)
મુખ્ય સત્ર ન્યાયાધીશ,
કોર્ટ નં.૧, અમદાવાદ શહેર.
યુનિક કોડ નં.જીજે૦૧૪૯૭